Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in



RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૩૨ • તા.૦૩ થી ૯ ઑગસ્ટ ૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## કોઇમ્બતુર નગરે અચલગચ્છની શાનરૂપ
## પ્રવચન પ્રભાવક પુ. મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા. આ.ઠા. નો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

















|| શ્રી શાંતિનાથાય નમો નમઃ ||

## સાંધવના આંગણે નુતન નિર્માણ થયેલ ભોજનશાળા અને અતિથિગૃહના દાતાઓને

### હાર્દિક અભિનંદન...

‘વાલામાં ભોજનશાળા’



અ.સૌ. કલ્પના શામજી નરશી દંડ
અ.સૌ. ડીમ્પલ સમીર દંડ
(સાંધવ - મુલુન્ડ)

ગામના વિકાસમાં
નોંધનીય યોગદાન આપનાર
પ્રત્યક્ષ/અપ્રત્યક્ષ સર્વે સહયોગીઓની
સુકૃત્ય માટે હાર્દિક અનુમોદના...



‘મણી માણેક અતિથિગૃહ’



અ.સૌ. દમયંતીબેન ચાંપશી
માણેકજી લોડાયા (લોખંડવાલા)
(સાંધવ-ઘાટકોપર)

આપના હૃદયમાં માતા અને માતૃભૂમિનું સ્થાન સ્વર્ગથી પણ ઉચું છે. માદરે વતન સાંધવમાં આપે નવ નિર્મિત ‘વાલામાં ભોજનશાળા’ અને ‘મણી માણેક અતિથિગૃહ’ ના દાતાશ્રી બની માતૃભૂમિનું ઋણ અદા કર્યું. આથી આપનું અને પરિવારનું નામ ગામ તથા સમાજમાં રોશન થયું છે. એ બદલ હાર્દિક અભિનંદન.... અનુમોદના...

શુભેચ્છા

**મુલજી દામજી એન્ડ કાં. પ્રા. લિ.**
મહાવીર શીપીંગ એજન્સી • એસ.એસ. ટ્રાન્સ લોજેસ્ટીક
અ. સૌ. ગીતા વિનોદ વિરચંદ ડાઘા (વરાડીયા-મુલુન્ડ)

## છેડા પરિવાર નું ગૌરવ




### હાર્દિક અભિનંદન

ચિ. અક્ષત રાજેશ છેડા (સુજાપુર -ઇન્દૌર) ને IIT (ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન) સંયુક્ત પ્રવેશ પરીક્ષા માં સફળતા મળેલ છે તથા IIT ખડગપુર (Economics Br.) માં પ્રવેશ મેળવેલ છે.

અમે સહુ પરિવાર જનો એની ઉજ્જવળ ભવિષ્ય ની ઉત્તરોતર પ્રગતિ ઇચ્છીએ છીએ.

### શુભાશીષ

પર દાદાણા : સ્વ. લીલબાઈ – નારાણજી કાનજી વેલજી છેડા
દાદાણા : મુલચંદ નારાણજી છેડા, સ્વ. દમયંતી મુલચંદ છેડા
નાનાણા : રતનબેન – શરદચંદ તેજપાર ખીમજી લોડાયા
માતા–પિતા : યશ્મીબેન – રાજેશ છેડા
બેન : મૈત્રી રાજેશ છેડા



# Congratulations



## ધરમશી અને નાગડા પરિવારનું ગૌરવ

**ચિ. કેવલ રાજેશ દિનેશ ધરમશી** (સાંયરા-ઇંદોર)એ એક પછી એક સફળતાની સીઢીઓ ચઢી વિશ્વસ્તરે સમસ્ત જ્ઞાતિ, કચ્છી જૈન સમાજ અને દેશનું ગૌરવ વધાર્યું છે. હાલમાં I.I.T. કાનપુર મેકેનીકલથી ડ્વેલ ડીગ્રી (B. Tech. + M. Tech.) પુર્ણ કરેલ છે.

નવેમ્બર-૨૦૧૧માં અમેરિકામાં A.S.M.E. (અમેરિકન સોસાયટી ઑફ મેકેનીકલ ઇન્જીનીયર) દ્વારા આયોજીત અંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં કેવલનાં 'લેઝર ઇગ્નીશિયન' વિષય પર પ્રસ્તુત શોધપત્રને વિશ્વના ત્રણ શ્રેષ્ઠ શોધપત્રમાં સ્થાન મલ્યું. આ સન્માન મેળવનાર કેવલ એશિયાના પ્રથમ અંડરગ્રેજ્યુએટ સ્ટુડન્ટ છે.

ફેબ્રુઆરી-૨૦૧૨માં I.I.T. રૂડકીમાં થઇ નેશનલ કૉન્ફરેંસ ઓલ્ડગાર્ડ ઓરલ પ્રેઝન્ટેશનમાં પ્રથમ આવ્યા, પછી દુબઇમાં એશિયાઇ સ્તરે આમાં પ્રથમ અને બેસ્ટ ટેકનીકલ એવોર્ડ મેળવ્યું. પછી નવેમ્બર-૨૦૧૨માં હ્યુસ્ટન (અમેરિકા)માં એશિયાનું પ્રતિનિધિત્વ કરવાવાળા પ્રથમ ભારતીય સ્ટુડન્ટ બન્યા. કેવલ I.I.T. કાનપુરમાં S.A.E. નાં ફાઉન્ડર છે. એ પોતાની ટીમ સાથે મળી ફોર્મુલા વન રેસકાર બનાવી રહ્યા છે. સપ્ટેમ્બરમાં ઇટલીમાં થનારી કાર રેસમાં ભાગ લેવા જવાના છે. હાલમાં I.I.M. અમદાવાદમાં 'ગાંધીયન યંગ ટેકનીકલ ઇનોવેટીવ એવોર્ડ-૨૦૧૩'થી તેમને નવાજવામાં આવેલ. જર્નલમાં તેમના ત્રણ પેપર પબ્લીશ થયા છે.

જાપાનની નાગોયા સીટીમાં 'મિત્સુબીસી કંપની'માં કેવલનું પ્લેસમેન્ટ રીસર્ચ એન્ડ ડેવલોપમેંટમાં થયેલ છે. આ સિધ્ધિ બદલ હાર્દિક વધાઇ અને અભિનંદન.....

### શુભાશિષ

| | | |
|---|---|---|
| દાદી-દાદા | : | પુષ્પાબેન દિનેશ દેવજી ધરમશી (ઇન્દોર) |
| નાની-નાના | : | વિજયાબેન સોમચંદ લખમશી નાગડા (હૈદરાબાદ) |
| મમ્મી-પપ્પા | : | ગીતાબેન રાજેશ દિનેશ ધરમશી (ઇન્દોર) 9302105490 |
| ફઇ-ફુઆ | : | મનીષાબેન વિનોદ અમરચંદ ભાટે (ધુલીયા) |
| મામી-મામા | : | અલેખીયાબેન પ્રફુલ્લ સોમચંદ નાગડા (હૈદરાબાદ) |
| ફઇમા-ફુઆબાપા | : | લક્ષ્મીબેન લક્ષ્મીચંદ જીવરાજ ખોના ( હુબલી) |
| ભાઇ-બહેન | : | કૈરવ, યશ, યેનિષા |

# શ્રદ્ધાસુમન



જન્મ
તા.૧૧.૪.૧૯૫૮

વસમી વિદાય
તા.૧૯.૭.૨૦૧૩

**સ્વ. અ.સૌ. જયાબેન લક્ષ્મીચંદ નરશી દંડ**
**(સાંધવ-ભાંડુપ) કુકરેજા કોમ્પલેક્સ**

ભુલ્યા નથી, ભૂલીશું નહીં તમને, ભુલી જવાય જગ ભલે, તમે ભુલાશો નહીં.
કરૂણાં ભીની જેમની આંખો હતી, વાત્સલ્યસભર જેમનું હૃદય હતું.
પ્રેમાળ જેમનું સ્મિત હતું, આશીષ જેમનાં શબ્દ હતા, મમતા જેમનું મંદિર હતું, ધર્મ અને કર્મ જેમનું કર્તવ્ય હતું,
પરિવાર જેમને પ્રિય હતું, સ્નેહ જેમની સખી હતી, સહુના દિલમાં જેમનું સ્થાન હતું એવા પાવનકારી
આત્માને પરમ કૃપાળુ પરમાત્મા પરમ શાંતિ આપે એજ પ્રાર્થના...

## આપની અમર સ્મૃતિમાં....

| | | |
|---|---|---|
| પતિ | : | લક્ષ્મીચંદ નરશી ચત્રભોજ દંડ |
| પુત્ર-પુત્રવધુ | : | અ.સૌ. તોરલ તિલેશ દંડ • અ.સૌ. દર્શના મિતેશ દંડ |
| પૌત્ર-પૌત્રી | : | પરમ, ખુશી |
| સાસુ-સસરા | : | સ્વ. લક્ષ્મીબેન નરશી ચત્રભોજ દંડ |
| જેઠ-જેઠાણી | : | ગં.સ્વ. નવલબેન ભવાનજીભાઈ દંડ • અ.સૌ. મુક્તાબેન કરમશીભાઈ દંડ<br>ગં. સ્વ. જ્યોત્સનાબેન દામજીભાઈ દંડ • સ્વ. શંકુતલાબેન રાયચંદભાઈ દંડ |
| દિયર-દેરાણી | : | અ.સૌ. કલ્પનાબેન શામજીભાઈ દંડ |
| નણંદ-નણદોઈ | : | ગં. સ્વ. પ્રેમીલાબેન નારાણજીભાઈ લોડાયા • અ.સૌ. રંજનબેન મેઘજીભાઈ લોડાયા<br>અ.સૌ. વિજયાબેન ભદ્રિકાંતભાઈ લોડાયા |
| માતા-પિતા | : | સ્વ. રતનબેન ચત્રભોજ પદમશી માયા (જલગામ) |
| ભાઈ-ભાભી | : | નિર્મલાબેન હેમંતભાઈ માયા (જલગામ) |
| વેવાઈ | : | શા. ગુલાબભાઈ પદમશી મોતા (કુવાપધર-હૈદ્રાબાદ)<br>શા. સોમચંદભાઈ ભાણજી મૈશેરી (બાંઢીયા-અમદાવાદ) |


સૌજન્ય

**Laxmi Incorporation**
114/115, Veena Industrial Estate, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083.
Mob. : 9892275206 / 9892757500 E-mail : sales@laxmiinc.com

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાસ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

**: સહતંત્રી :**

ચંપક જીવાણી-09820808077

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 32/2013**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri. R. R. Nagda,**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# જૈન એકતા બાબતે આદર્શવાદી નહીં પણ વ્યવહારવાદી વલણ વધુ યોગ્ય

જૈન એકતાની બાબતે આદર્શવાદી નહીં પણ વ્યવહારવાદી વલણ વધુ યોગ્ય રહેશે. કેમ ? એવો પ્રશ્ન પૂછવા અને તેનો ઉત્તર આપવા પહેલા અત્યારે સ્થિતી કેવી છે તે જોઇએ.

ઘણા ધાર્મિક પુસ્તકો લખનાર એક ખૂબજ વિદ્વાન આચાર્યશ્રી એક પુસ્તકમાં (એક પ્રશ્નના જવાબમાં) લખે છે કે 'જો તમે તપગચ્છના કોઇ ચોથના સંવત્સરી પાળતા સાધુને વહોરાવો તોજ તે સુપાત્રદાન છે. પરંતુ તપગચ્છના જ પાંચમના સંવત્સરી કરતા સાધુને કે અન્ય ગચ્છ કે અન્ય પંથ કે અન્ય સંપ્રદાયના સાધુને વહોરાવો તો તે સુપાત્રદાન નથી તે ફક્ત અનુકંપાદાન છે. જેમ કોઇ અન્ય ધર્મના સાધુને દાન આપો તો તે અનુકંપા દાન છે તેની જેમજ.'

એક વખત હું નાસિક પાસેના મસરૂલ ગામના દેરાસરે ગયેલો (ગજપંથ) કાનજી સ્વામીના મંદિર તરફથી યાત્રા યોજવામાં આવેલ. તળેટીમાં પાછા આવ્યા બાદ એક સભા યોજાઇ હતી. તે વખતે શિખરજી માલિકીનો પ્રશ્ન ખુબજ જોરમાં ચાલતો હતો. સભાના મુખ્ય વક્તા દિગંબર પંથના એક શિરોમણી પંડીત હતા. એમને ભાષણમાં જે શબ્દો વાપર્યા તેથી હું દુ:ખ સાથે આચંબામાં પડી ગયો. મુસલમાનોમાં હિન્દુઓ સામે કે શીયા પંથના લોકોને સુન્ની પંથના અનુયાયીઓ સામે તલવાર લઇને યુદ્ધ કરવાની જે ઉશ્કેરણી કરવામાં આવે છે તેવી ભાષામાં. મને લાગ્યું કે હું શ્વેતાંબર છું તેની જાણ આ સભામાં થશે તો મને અહીંજ પૂરો કરી નાખવામાં આવશે.

દિગંબરોને શિખરજીના પ્રશ્ને શ્વેતાંબરો સામે ધર્મ યુદ્ધ કરવાની ઉશ્કેરણી કરવામાં આવે છે તેના પ્રત્યક્ષ પરિણામ આવા છે :

એક વખત હું તારંગાજીની યાત્રાએ ગયેલ. ટેકરી ઉપરના પગલાંઓની દેરીઓમાં દર્શન કરવાની ભાવના થઇ, તેથી એક ભોમિયાને તૈયાર ક્ર્યો. ટેકરી ઉપર જવાનો શોર્ટકટ દિગંબર મંદિરમાંથી જતો હતો. ભોમીયાએ મને ત્યાંથી ઉપર લઇ જતો હતો. દિગંબર મંદિરમાં કોઇ ઉત્સવ ચાલુ હતો. મને અજાણ્યાને મંદિરમાંથી પસાર થતો જોઇને એક આગેવાને ભોમિયાને પૂછયું. (હું) આ ભાઇ કોણ છે? ભોમિયાએ કિધું શ્વેતાંબર મંદિરના કોઇ યાત્રાળુ છે અને ટેકરી પરની દેરીઓમાં દર્શને જઇ રહ્યા છે. એ આગેવાન ભાઇએ મારી તરફ જે રીતે જોયું, ત્યારે મને થયું કે વિશ્વામિત્ર કોઇને નજરથી સળગાવી દેવા માટે આવી જ રીતે જોતા હશે.

એક સાંભળેલી વાત. બોરિવલીમાં તપગચ્છના એક સાંઘાડાનું મંદિર અને ઉપાશ્રય છે. તપગચ્છના જ પરંતુ અન્ય સાંઘાડાની કેટલીકે સાધ્વીઓ સાંજના સમયે વિહાર દરમ્યાન ત્યાં આવી પહોંચી. દર્શન ક્ર્યા બાદ ચૌવિહાર કરવાની સગવડ તથા રાત્રે રોકાણની વ્યવસ્થા માટે પૃચ્છા કરવા લાગી. એઓ અન્ય સાંઘાડાની હોવાની જાણ થતાંજ એમને કહેવામાં આવ્યું કે, એઓ ત્યાં ચૌવિહાર પણ ન કરી શકશે રાત્રે રોકાણ પણ ન કરી શકશે. સાંભળીને સાધ્વીઓ પાણી પીને ચૌવિહાર વાળી આગળ વિહાર કરવા તૈયાર થઇ ગઇ. ત્યાં એક બેન હાજર હતા તેઓ સાધ્વીજીને કહે, મારી પાસે ફક્ત બે જ રૂમ છે એક રૂમ તમને ખાલી કરી આપીશ. આપ ખુશીથી ત્યાં ચૌવિહાર કરવા અને રાત્રી રોકાણ માટે પધારો.

જ્યાં આપણે જૈન પણ અન્ય ગચ્છના કે અન્ય સાંઘાડાના કે અન્ય પંથના સાધુઓ કે અનુયાયીઓ પ્રત્યે આવી ભાવના અને આવું વલણ રાખતા હોઇએ ત્યાં કટરવાદના કારણે એક સંવત્સરી શક્ય નથી. શીયા-સૂન્ની વચ્ચે કે કેથલિક અને પ્રોટેસ્ટન્ટ વચ્ચે, તાલીબાનો અન્ય મુસલિમો વચ્ચે જે યુદ્ધ ચાલી રહ્યા છે તેવી

પરિસ્થતિ આપણે ત્યાં નથી એટલી પ્રભુની મહેરબાની.

હિન્દુસ્તાન-પાકીસ્તાન એક થઇ શકે ? એ માટેના પ્રયત્નો જ નકામા છે. કચ્છીઓમાં આશરે ૭૦-૮૦% શ્રાવકો અને ૩૫-૪૦% શ્રાવિકાઓ સંવત્સરી પ્રતિક્રમણ નથી કરતા. અન્ય ગચ્છો/પંથોમાં એ ટકાવારી ઓછી હશે. એટલે એમના માટે ક્યારે સંવત્સરી થાય છે એ પ્રશ્ન જ નથી.

આમ પણ સમજુ લોકોનો કોઇ પ્રશ્ન નથી. જડમાનસનો કોઇ ઇલાજ નથી. મારા એક મિત્ર જન્મે સ્થાનકવાસી છે. પરંતુ તેમના પિતાશ્રી ૪૦ વર્ષો સુધી એક પ્રખ્યાત દેરાસરમાં સેક્રેટરી હતા. એટલે મિત્ર દેરાવાસી ક્રિયાઓથી ફક્ત વાકેફ જ નહી, પરંતુ સમયે સમયે દેરાવાસી ક્રિયાઓ કરતા રહ્યા છે. સાથે જ સ્થાનકવાસી પરંપરા પણ અનુસરી રહ્યા છે. તેમના ગામમાં આવતા સ્થાનકવાસી, દેરાવાસી અને દિગંબર સર્વે મહાત્માઓની વૈયાવચ્ચ કરતા રહ્યા છે. એઓ સ્થાનકવાસી, દેરાવાસી અને દિગંબર ત્રણેય પર્યુષણો અને ધાર્મિક પ્રસંગોમાં સક્રિય ભાગ લે છે. સમજુની બલિહારી છે.

અચલગચ્છમાં શ્રાવકો અને સાધુઓની સંખ્યા ઓછી છે. એટલે મુંબઇ અને કચ્છ બહાર વસતા અચલગચ્છના શ્રાવકો જે ગામમાં અચલગચ્છના ઘરોની પૂરતી સંખ્યા ન હોય, દા.ત. શીરપુર (ધુલીયા), બારસી વિગેરે ત્યાં તપગચ્છના ઘરોની સંખ્યા વિશેષ હોય ત્યાં તેમની સાથે જ પર્યુષણ સંવત્સરી મનાવે છે. મુંબઇ-અંધેરીમાં રહેતા એક મિત્ર જેઓ ખરતગચ્છના છે તેઓ મુંબઇમાં તપગચ્છ પ્રમાણે વિવિધ ક્રિયાઓ કરે છે. પરંતુ જ્યારે દેશમાં જાય ત્યારે ખરતરગચ્છ અનુસાર ક્રિયાઓ કરે છે.

સૌથી ઉત્કૃષ્ટ દાખલો હૈદ્રાબાદ ખાતે આવેલ કોઠીના દેરાસરનો છે. એક જ મકાનમાં ભોંયતળિયે દિગંબર મંદિર છે, જ્યારે પહેલે માળે શ્વેતાંબર મંદિર છે. ક્યારેક ખટપટ થઇ નથી. મકાન સંયુક્ત માલિકીનું છે.

અચલગચ્છના ઘણાંય શ્રાવકોએ તપાગચ્છમાં દીક્ષા લીધેલ છે અને આચાર્યપદ સુધી પહોંચ્યા છે. જ્વલંત દાખલો છે પૂ. વિજયરામચંદ્ર સૂરિના સાંઘાડામાં પ્રખ્યાત બે પંડિત મહારાજોના (બન્ને ભાઇઓ).

એટલે મહત્ત્વ કઇ તિથિની ક્રિયા કરો છો એનું મહત્ત્વ નથી, મહત્ત્વ છે ધાર્મિક ક્રિયા કરવાનું

એટલે મારા નમ્ર મત અનુસાર જે ચાલે છે તેને ચાલવા દો. એક જૈન એકતાના આદર્શ ખાતર ખોટા વિવાદો અને વિખવાદો પેદા કરવા ઉચિત નથી.


।। શ્રી ચંદ્રપ્રભ દાદાય નમઃ।। ।। મોટી ખાવડી તિર્થ।। ।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાય નમઃ।।

## શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મોટી ખાવડી

### પધારો પર્યુષણ પર્વ પ્રસંગે માદરે વતન મોટી ખાવડી

**પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વમાં જપ-તપ આરાધના કરવા તેમજ સંયમના પાવન પ્રસંગે માદરે વતન મોટીખાવડીમાં શ્રી ચંદ્રપ્રભુદાદા તેમજ પ. પૂ. સા. શ્રી મહોદયાશ્રીજી મ. સા. આદિઠાણાની પાવન નિશ્રામાં ભવ્યાતિ ભવ્ય ઉજવણી કરવા શ્રી સંઘ તરફથી મોટી ખાવડી વાસીઓ તેમજ બહેનો દિકરીઓને પધારવા ભાવભર્યું હાર્દિક આમંત્રણ પાઠવિએ છીએ.**

**૧) પર્યુષણ પર્વ પ્રારંભ : શ્રાવણ વદ ૧૩ ને સોમવાર, તા. ૨/૯/૨૦૧૩ થી .......**

**૨) સમગ્ર ચાતુર્માસ દરમ્યાન ભોજનાલય ચાલૂ છે.**

**૩) ઉતારાની વ્યવસ્થાની જરૂરત હોય તેમણે તા. ૨૦/૮/૨૦૧૩ સુધી જણાવવા વિનંતી.**

**ઘણા વર્ષો બાદ પૂ. ગુરૂદેવની નિશ્રામાં આપણે ભવ્યાતિભવ્ય ચાર્તુમાસની સાથે પર્યુષણ પર્વની ઉજવણી ખૂબજ ઉમંગ, ઉત્સાહ અને આનંદભેર કરશું. તો ચાલો સર્વે મોટી ખાવડી વાસીઓ બહોળી સંખ્યામાં માદરે વતન મોટી ખાવડી પધારો. આપણે સર્વે સાથે મળી ખુબજ ધામધુમથી પર્યુષણ પર્વ મનાવીએ.**

**લિ.**

**શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મોટી ખાવડી વતી**

**ટ્રસ્ટીશ્રીઓ**

।। શ્રી આદિનાથાય નમો નમઃ ।।



# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - સાંયરા

કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫ ફોન: ૦૨૮૩૧-૨૮૩૧૮

## સાંયરામાં ચાર્તુમાસ મંગલ પ્રવેશ....આભાર...ઋણ સ્વીકાર

સાંયરા નગરે દેવાધિદેવ શ્રી આદિનાથ જિનાલયે **પ.પૂ.સા.શ્રી. કોમલગિરાશ્રીજી મ.સા.** અને **બાલસાધ્વી પ.પૂ.સા.શ્રી સિધ્ધગિરાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-રના મંગલમય ચાર્તુમાસ પ્રવેશ શુક્રવાર તા. ૧૯/૦૭/૨૦૧૩ની સલુણી પ્રભાતે ૧૦.૩૦ કલાકે શહનાઈના મધુર સુરે, ઢોલના ધબુકતા તાલે, સોહામણી બાંધણી પહેરલ અને શણગારેલા બેડાં અને ગહુંલી સજ્જ બહેનો, કન્યાઓના દાંડિયા રાસની રમઝટે, ગામવાસી ભાઈઓ, નિયાણી બહેનો, જ્ઞાતિ બંધુઓ, વિવિધ ગામના મહાનુભાવ-મહાજન, બહારગામના મોંઘેરા મહેમાનની ૨૦૦ થી અધિક બહોળી સંખ્યામા પધારી, રંગે-ચંગે અને ધામધૂમપૂર્વક વાજતે-ગાજતે શાનદાર ભવ્ય સામૈયુ સંપન્ન થયું હતું. સૌ સાંયરાવાસીઓના હૈયામાં આનંદની લહેર પ્રસરી હતી સૌના હૈયા હિલોળે ચડ્યા હતાં અને મન મયુર નાચી ઉઠ્યા હતા. પૂ. ગુરૂદેવના શ્રીમુખે મંગલાચરણ/માંગલિક પ્રવચન બાદ **વિવિધ** ચડાવાનો ભાગ્યશાળીઓએ લાભ લીધો હતો.

| | | | |
|---|---|---|---|
| * | **શ્રી ગુરૂ પુજન** | : | માતુશ્રી વસુમતીબેન લક્ષ્મીચંદ મોમાયા-સાંયરા |
| * | **ધર્મબિન્દુ સૂત્ર** | : | શ્રી વશનજી ઓભાયા મોમાયા-ધુલિયા |
| * | **ઉદયભાણ-વીરભાણ ચરિત્ર** | : | માતુશ્રી તેજબાઈ જેઠાલાલ છેડા-નાના આસંબિયા |
| * | **મત્તિજ્ઞાન** | : | શ્રી નારાણજી શીવજી સોની-જલગાંવ |
| * | **શ્રુતજ્ઞાન** | : | શ્રી હીરાચંદ ચત્રભુજ લોડાયા-સાંયરા |
| * | **અવધિજ્ઞાન** | : | માતુશ્રી ચંદનબાઈ નારાણજી નાગડા-જખૌ |
| * | **મન પર્યવ જ્ઞાન** | : | માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ-સાંયરા |
| * | **કેવળજ્ઞાન** | : | માતુશ્રી ધનબાઈ શીવજી લોડાયા-સાંયરા |

ચાર્તુમાસ પ્રવેશ પ્રસંગે વિવિધ ગામના અરિખાણા, બાયઠ, બાંઢિયા, કોઠારા, નલિયા, તેરા, જખૌ, ડુમરા, લાલા, વરાડિયા, વારાપધર, વાકું, રાપરગઢવારી, સાંધવ, સુથરી, સાંધાણ, નરેડી, પરજાઉ, નાના આસંબિયા, કાડાંગરા થી પધારેલ મોંઘેરા મહેમાન-મહાજનની ચતુર્વિદ સંઘની શોભામાં અભિવૃધ્ધિ કરવા બદલ **સાંયરા મહાજન** અત:કરણ પૂર્વક આભાર વ્યક્ત કરે છે. **સાંયરા જૈન સંઘ** તરફથી રૂા. ૫૦/- માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા-રાપરગઢવારી તરફથી રૂા. ૧૦/- નું સંઘ પુજન અને પેડાની પ્રભાવના કરવામાં આવી હતી. **સાંયરા મહાજન** તરફથી સકળ સંઘે સાધર્મિક ભક્તિનો મહાલાભ લીધો હતો.

**ચાર્તુમાસ સહયોગી દાતા ફંડમાં રૂા. ૫૦૦૦/- આપી ધર્મભાવનાની અનુમોદના કરવાનો લાખેણો લાભ લેવા નમ્ર વિનંતી છે.**

**શિશુ સંસ્કાર ધાર્મિક શિબિર** આમંત્રણ પત્રિકામાં જણાવ્યા મુજબ તા. ૪-૧૧-૨૦૧૩ થી ૮-૧૧-૨૦૧૩ ના રહેશે. શિબિરમાં લાભ લેવા માટે બાળકોના નામ વહેલી તકે **તા. ૨૦-૮-૨૦૧૩** સુધીમાં નોંધાવવા નમ્ર વિનંતી છે.

શ્રી રતિલાલ ધ્રોળ : મો. નં. ૦૯૮૨૦૮ ૬૫૮૦૬    શ્રી વિજય લોડાયા : મો.નં. ૦૯૬૧૯૮ ૦૦૬૧૨
શ્રી પ્રકાશ લોડાયા : મો.નં. ૦૯૮૩૩૩ ૬૪૪૭૧    શ્રીમતી ધનશ્રી મોમાયા : મો. નં. ૦૯૯૨૦૭ ૪૬૦૧૧
શ્રીમતી ચેતના બિપીન મોમાયા : મો.નં. ૦૯૮૨૦૮ ૧૪૧૯૦

**શિશુ સંસ્કાર ધાર્મિક શિબિરના ભાગ્યશાળી દાતા બનવાનો અમુલ્ય લાભ લેવા આપના નામ નોંધાવવા વિનંતી છે.**

સાંયરામા અષ્ટપ્રકારી પૂજાના ૧) વાસક્ષેપ-પુજા ૨) પ્રક્ષાલ–નમણ ૩) ચંદન-કેશર ૪) ફુલ-પુજા ૫) ધૂપ-અગરબત્તી ૬) અંગ લુછણાં ૭) ગરમ પાણી ૮) અખંડ દિપકના વાર્ષિક ચડાવાનો આદેશ **ભાદરવા સુદ-૪, તા. ૮-૯-૨૦૧૩** ના આપવામાં આવશે. ધર્માનુરાગી ભાવિકોને લાભ લેવા વિનંતી છે.

**ચાર્તુમાસ કમિટી : શ્રી ક.દ.ઓ. જૈન મહાજન સાંયરા.**

# મરમનો મલક : તપ ( ભાગ : ૬ )

***સ્વાધ્યાય (ઈન્દ્રિયસંયમ) :*** કોઈપણ પરંપરાના અનેકાંત ઈષ્ટિવાળા અને આત્મજ્ઞાની પુરુષો રચિત ગ્રંથોને અધ્યયન કરવું કે એમના પ્રવચનોનું શ્રવણ કરવું એને સ્વાધ્યાય કહે છે. આજના યુગમાં ઘેર બેઠાં ટીવી ઉપર સંતોના પ્રવચનો સાંભળવાં કે એમના પ્રવચનોની સીડી સાંભળવી એને પણ સ્વાધ્યાય કહી શકાય. આત્મજ્ઞાની સંતોના ગ્રંથોના અભ્યાસને પરિણામે સંસાર પ્રત્યેના મોહનું નિરસન થઈ શકે છે.

***ધ્યાન (મન:સંયમ) :*** જૈન પરંપરામાં તીર્થંકર ભગવંતોની બધી જ મુર્તિઓ ધ્યાનસ્થ મૂર્તિઓ છે છતાં અત્યારની જૈન પરંપરામાં ધ્યાનનો અભ્યાસ લગભગ નહિવત જ છે. પ્રતિક્રમણ ખરા અર્થમાં ધ્યાન નો નિર્વિચાર અવસ્થા છે. ધ્યાન ઘટિત થાય છે. ધ્યાન દ્વારા ઈન્દ્રિયાતીત જગતમાં પ્રવેશ થાય છે.

ઉપમિતીભવપ્રપંચા નામના ગ્રંથમાં એક પ્રસંગ આવે છે. મુનિ પુંડરિક આચાર્ય સમંતભદ્રને પૂછે છે,

હે આચાર્ય, સાગર જેટલા વિસ્તરેલા એવા દ્વાદશાંગીનો (ગણધર ભગવંતોએ કરેલી રચના, આગમસૂત્રો) જવાબ આપે છે -

આચાર્ય સમંતભદ્ર જવાબ આપે છે - હે વસ્ત, સુનિર્મલ એવો ધ્યાનયોગ દ્વાદશાંગીનો સાર છે.

મુનિ પુંડરિક બીજો પ્રશ્ન પૂછે છે કે, હે આચાર્ય તો પછી ધર્મને નામે થતી આ બધી ક્રિયાઓનો અર્થ શું છે?

આચાર્ય સમંતભદ્ર જવાબ આપે છે બધા મુળ અને ઉત્તર ગુણો તથા સાધુઓ અને શ્રાવકોની બધી જ બાહ્ય ક્રિયાઓ ધ્યાન યોગની પ્રાપ્તિ માટે છે.

ધ્યાનની વ્યાખ્યા આચાર્ય સમંતભદ્ર આ પ્રમાણે આપે છે : એકાગ્ર થયેલું મન અને શુધ્ધ થયેલું ચિત્ત એ ધ્યાન છે. ચિંચળતા મનનો દોષ છે. અશુધ્ધતા ચિત્તનો દોષ છે મન શુધ્ધ કે અશુધ્ધ હોતું નથી, માત્ર ચંચળ હોય છે, ચિત્ત ચંચળ હોતું નથી, માત્ર શુદ્ધ કે અશુદ્ધ હોય છે. મન અશૂભમાં પણ એકાગ્ર થઈ શકે છે. શિકારી જ્યારે શિકાર ઉપર ગોળી છોડે છે ત્યારે શિકારીનું મન એકાગ્ર હોય છે પણ ચિત્ત શુધ્ધ હોતું નથી કે શિકારીએ ચિત્તના શુધ્ધીકરણ માટે મનને એકાગ્ર કર્યું હોતું નથી. મનને એકાગ્ર કરી પરિણામે ચિત્તનું ધ્યાન અવસ્થા પ્રાપ્ત કરવા માટે ગુરુનું બહુ જ મહત્વ છે.

***કાયોત્સર્ગ (મન:સંયમ) :*** કાયોત્સર્ગ શબ્દનો અર્થ થાય છે કાયાનો ઉત્સર્ગ કરવો એટલે કે દેહભાવનો ઉત્સર્ગ કરવો એટલે કે દેહભાવથી મુક્ત થઈ આત્મભાવમાં સ્થિર થવું.

જેમ શરીરને આહારથી પોષણ, નિદ્રાથી સ્ફુર્તી અને સ્નાનથી શુદ્ધી મળે છે એમ મનને પોષણ, સ્ફૂર્તી અને શુધ્ધી ધ્યાન અને કાઉસ્સગ દ્વારા મળે છે.

કાઉસગ્ગ કરવાનો હોતો નથી એ ઘટિત થાય છે. કાઉસગ્ગ એ ધ્યાનનું પરિણામ છે. ધ્યાનમાં એકાગ્ર થયેલું મન વિલીન થઈ જાય છે એટલે કે આત્મભાવમાં ઓગળી જાય છે ત્યારે કાઉસગ્ગ ઘટિત થાય છે. કાઉસગ્ગ સુષિપ્તીની અવસ્થા નથી પણ જાગૃતિની અવસ્થા છે. જેને કૃષ્ણમૂર્તિ કહેતા હતા આ અવંસ્થામાં મન વિલિન થવાને પરિણામે જાગૃત થયેલી પ્રાણશક્તિ ચિત્ત ઉપરના કષાયો, કર્મો, વાસનાઓ આદિ ઉખેડવાનું કામ કરે છે. આ અવસ્થામાં કર્મની નિર્જરા થાય છે. **- ક્રમશ :**

**સુરેશ ગાલાના 'મરમનો મલક' પુસ્તકમાંથી સાભાર**

**સાર સંક્ષેપ - ચંદ્રસેન મોમાયા**


**અસલ કલા-કસબનો સમન્વય**

જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ

Sachi Jari maate real nam

સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો

પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઇનો,

શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઈ- ૦૨. Tel. : 22413995 / 22402786


## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-વાંકુ

કચ્છ વાંકુમાં શ્રી અજીતનાથ મહારાજ દેરાસર જીર્ણ થતા તા.૧૧.૮.૧૩ના શુભ મુહૂર્તથી ઉત્થાપના કરી નવું નૂતન જિનાલયનું નિર્માણ કરશું. જેમને પણ નૂતન જિનાલયમાં લાભ લેવાની ઇચ્છા હોય તેમણે ટ્રસ્ટીઓનો સંપર્ક કરવો.

**- મેનેજીંગ ટ્રસ્ટીઓ**

**કાર્યાલય**

મે.મુલજી શામજીની કાં. ઈ-૩૬,
એ.પી.એમ.સી. માર્કેટ, ફેઝ-૨, વાશી,
નવી મુંબઈ-૪૦૦૭૦૩

**ફોન : 2766 5640 / 27664243**

## વરાડીયા જૈન દેરાસર
## સાધારણ અને મહાજન ફન્ડ્સ ટ્રસ્ટ

સંવત ૨૦૬૯ શ્રાવણ સુદ ૫ને રવિવાર તા.૧૧.૮.૧૩નાં જિનાલયની ૧૧૧મી વર્ષગાંઠ તથા ૧૧૨મી ધ્વજાના પાવન પ્રસંગે તથા શ્રાવણ વદ ૧૩થી ભાદરવા સુદ ૬ તા.૦૨.૯.૧૩થી ૧૦.૯.૧૩ સુધી પર્યુષણ પર્વની આરાધના કરવા ગામવાસી જ્ઞાતિબંધુઓને તથા નિયાણી બહેનોને સહ પરિવાર વરાડીયા પધારવા ભાવભર્યું નિમંત્રણ છે. અત્રે ભોજનાલય તથા અતિથિગૃહનાં વ્યવસ્થા છે.

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન**
**વરાડીયા**

।। શ્રી ચંદ્રપ્રભસ્વામીને નમઃ ।। ।। શ્રી શાંતિનાથાય નમઃ ।।

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન
## ગોએરસમા-બારોઇ

સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનો સહપરિવાર,

સહર્ષ જણાવવાનું કે પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધના કરવા સર્વે ગામવાસીઓ તથા નિયાણી બેનોને સહપરિવાર વતન બારોઇમાં ગામે પધારવા ભાવભર્યું આમંત્રણ છે. પર્યુષણ પર્વ તા. ૨.૯.૧૩થી ૧૦.૯.૧૩ દરમ્યાન તથા સર્વે સુવિધા છે. આયોજન સુગમતા માટે અગાઉથી નામ નોંધણી કરાવી લેવા વિનંતી છે.

**આભાર અને ધન્યવાદ**
**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન**
**ગોએરસમા - બારોઇ વતી**
**પ્રમુખશ્રી, પદાધિકારીઓ એવમ ટ્રસ્ટીઓના**
**જય જિનેન્દ્ર**

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

## ત્રીજી પુણ્યતિથિએ પૂજ્ય માંને પુષ્પાંજલિ

**અરિહંતશરણ**
**આષાઢ સુદ-૧૩ને**
**તા.૭.૮.૨૦૧૦**



**સ્વ. માતુશ્રી જમકુબાઇ**
**લાલજી શામજી પટેલ**
**(સાંધવ-મુલુન્ડ)**

***ગંગાના નીર તો વધે ઘટે રે લોલ, સરખો એ પ્રેમનો પ્રવાહ રે...***
***વરસને ઘડીક વ્યોમ વાદળી રે લોલ માડીનો મેઘ બારે માસ રે...***
***જનનીની જોડ જગે નહીં જડે રે લોલ... મીઠા મધુને મીઠા મેહુલા રે લોલ...***

અભય અને આશીર્વાદની અમૃતવેલ એટલે મા... અંતરના આશીર્વાદની કલકલ વહેતી રહેતી પાવનકારી ગંગોત્રી એટલે મા. મા એ એક એવો શબ્દ છે. જે આશા અને પ્રેમથી ભર્યો ભર્યો છે. મા સદેહે આપણી વચ્ચે ન હોવા છતાં મા કદિ વિદાય લેતી નથી. કારણ માં એટલે જન્મદાતા. મા, અમારા સૌના હૃદયની પ્રત્યેક ધડકનમાં આપનો વાસ છે. આજે ત્રીજી પુણ્યતિથિએ આપીએ પ્રેમભરી પુષ્પાંજલિ...

### આપના બાગબાનના મહેકતા પુષ્પો-કળીઓ

| | | |
|---|---|---|
| પુત્ર-પુત્રવધુ | : | **અ.સૌ. વિજયા ગોવિંદજી લાલજી પટેલ** |
| પૌત્ર-પૌત્રવધુ | : | **અ.સૌ. હેતલ હિતેશ ગોવિંદજી પટેલ** |
| | | **અ.સૌ. પ્રિયા વિપુલ ઠાકરશી પટેલ** |
| પૌત્રી-પોત્રીજમાઇ | : | **અ.સૌ. કિંજલ મેહુલ નાગડા (અબુધાબી)** |
| | | **અ.સૌ. તેજલ વિનિત ખોના (મુલુન્ડ)** |
| પરપૌત્ર | : | **નેવિન, સ્મિત, વત્સલ, મોક્ષીલ** |
| પરદોહિત્ર | : | **કનિષ્ક નાગડા** |

## પાસ થયા - હાર્દિક અભિનંદન

|  |  |  |  |  |  |
|---|---|---|---|---|---|
| **સુમિત લલીત નાગડા**<br>ખીરકીયા<br>B.E. (E&C) 80% | **ધ્વની મનીષ નાગડા**<br>હૈદરાબાદ<br>SSC - 78% | **ભક્તિ રાકેશ નાગડા**<br>હૈદરાબાદ<br>SSC - 80% | **કુણાલ ચંદ્રેશ ધરમશી**<br>ઇન્દોર<br>CBSE (12th) 94% | **હેતલ રાજેશ શિયાડ**<br>ચાલીસગામ<br>B.Sc. (BIO) 87% | **ખુશ ઉતીન લોડાયા**<br>નવી મુંબઇ<br>CBSE (12th) 90% |

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિ

જ્ઞાતિના ૮મા વસતીપત્રકની વેબસાઇટ www.kdovp.com પર આવેલ આપના પરિવારની વિગતો તપાસી તેના સુધારા -વધારા સુચવવા છેલ્લી તારીખ હવે વધારીને ૨૫ ઑગસ્ટ ૧૩ કરાઇ છે.

વારંવારની વિનંતી અને સુચનાઓ છતાં જ્ઞાતિમાંથી એ સુધારા-વધારા માટે ખુબ અલ્પ પ્રતિસાદ મળ્યો છે. આ વસતીપત્રક તદ્દન ક્ષતિ રહિત છપાય તે જોવાની આપણી સૌની ફરજ બને છે એટલે તુંરત રજીસ્ટ્રેશન કરાવવા અને નેટ દ્વારા સાઇટ જોઇને આપના પરિવારના સુધારાવધારા **૨૫.૮.૧૩**સુધી મોકલી આપવા અનુરોધ છે. આ પછી રહી ગયેલ ક્ષતિઓ માટે સમિતિ જવાબદાર રહેશે નહિં. જેની નોંધ લેવી.

**વધુ માહિતી માટે સંપર્ક : કાર્યાલય ફોન : 9920855259 / 9619343793**

**છત્રપતિ દંડ - 09422880332 / વિનોદ ધુલ્લા - 9820122366 / રમેશ મોતા - 9819655259**


શાંતિલાલ શાહ મો : 9967841792

# સોનલ આર્ટ



**પધારો... અમારા ઘરે**

- **પારસી વર્ક • કસબ વર્ક**
- **બટ કસબ વર્ક • જીક કસબ વર્ક**
- **પીટા /તાર ભરત વર્કની સાડીઓ**

**રીજનેબલ રેટથી બનાવી આપશું.**

**કસબના રીયલ ઘરચોળા બોર્ડર બનાવી આપીએ છીએ અને તૈયાર પણ મળશે.**

''શિવમ્'' ડી-૨૦૧,
રઘુનાથ નગર વાઘલે એસ્ટેટ રોડ નં.૯,
શિવસેના ઓફિસ સામે, થાણા-૪૦૦ ૬૦૪.

**શાંતિભાઇ (સોનલ/બિંદીયાવાળા)**


## નલીયા-નાગડા ગોત્ર પરિવાર



નલીયા મધે નાગડા ગોત્રના માતાજી અંબામાંની પ્રસાદનો કાર્યક્રમ અષાઢ સુદી બીજના દેશ, દેશાવર અને મુંબઇથી પધારેલ ભાવૈયાઓની હાજરી વચ્ચે સ્થાનીકે સારી રીતે ઉજવાયેલ. તા. ૯.૭.૨૦૧૩ રાતના માતાજીની ભક્તિ ભાવનામાં શ્રી કિશોર સંઘાર એન્ડ પાર્ટી (માંડવી)એ રમઝટ જમાવેલ. માતાજીની આરતીનો ચડાવો રૂા.૧૭૧૨૧માં શ્રી શાંતિલાલ જીવરાજ નાગડા (મુંબઇ)એ લીધેલ. તે રકમ જીવદયા ફંડમં શ્રી નલીઆ પાંજરાપોળને અર્પણ કરેલ. પહેડી-પ્રસાદનો ફંડફાળો પણ સારા પ્રમાણમાં થયેલ. દર વર્ષે શ્રી માતાજીની પહેડી આષાઢ સુદ ૨ ના રાબેતા મુજબ ઉજવવાની છે. સહુને ફરી આવોજ સહકાર આપવા ભાવૈયાઓને વિનંતી છે. ***કમીટી વતી - જય માતાજી***

# વનિતા વિશ્વ : સ્ત્રીને બધું જ જોઈએ છે !

ટેલિસિરિયલોમાંના વેરઝેર પુરુષ દ્વારા સગપણ બંધાયા હોય તેવી સ્ત્રીઓની વાત છે. કોઈકના પતીની બહેન, પતિના મોટા ભાઈની પત્ની, પોતાના ભાઈની વહુ વગેરે પાત્રોમાંથી કોઈ ને કોઈ ખલનાયિકા બનાવાય છે. બહાર જતી સ્ત્રીઓ પણ એકમેકની દુશ્મન થઈ શકે છે, પુરૂષોની જેમ જ સ્તો. પરંતુ સ્ત્રીઓની દોસ્તીની છેલ્લી ફિલ્મ ક્યારે જોઈ? ક્યારે પણ જોઈ છે? હૈદ્રાબાદની એક બહેન પ્રા ઉઠાવે છે. છોકરીઓ ભણવા જાય, યુવતીઓ કામે જાય, અગાઉ જ્યાં એમને માટે પ્રવેશ નહોતો તેવા ક્ષેત્રોમાં પણ કાર્યરત થાય તે બાબતે પણ હવે ઓછેવત્તે અંશે પ્રગતિ થઈ ચૂકી છે. આમાં બંધાતાં બહેનપણાં કેમ સાહિત્ય કે ફિલ્મોમાં પ્રતિબીંબાતા નથી?

પ્રા ઉઠાવનાર મહિલા છે શીતલ મોરપરિયા. એ પોતે મીડિયા વ્યાવસાયિક છે. એ લખે અને ટી.વી. રિપોર્ટિંગ પણ કરે. ટીવી ચેનલમાં એ નિર્માણ કાર્ય પણ કરે. નવીના નામના એના મહિલા અંગેના કાર્યક્રમ માટે ૨૦૦૮માં એને ઉમદા પત્રકારત્વ માટેનો રામનાથ ગોએન્કા એવૉર્ડ મળ્યો. હવે એણે સર્વપ્રથમ ફિલ્મ બનાવી છે. શીર્ષક છે, 'ઑલ આઈ વોન્ટ ઈઝ એવરીથિંગ.'

પ્રા ઉઠે છે કે આપણને હિન્દી સિનેમામાંથી સ્ત્રીઓની મૈત્રીનાં ક્યા ગીતો મળ્યાં છે. (લોકગીતોની વાત જૂની થઈ ગઈ એટલે સહિયર, બેની, લોલ જવા દો.) છેલ્લે ક્યારે આપણે એવી ફિલ્મ જોઈ જેમાં કોઈ પણ પ્રણયકથા કે ઝળુંબાતો વિલન ન હોય પણ સ્ત્રીઓ સાહજિક રીતે હળતીમળતી હોય, સાહેલી બનતી હોય, મૈત્રી લાંબી ચાલતી હોય અને સાથોસાથ ભરપુર મોજ કરતી હોય? પૌરુષી યારી દોસ્તી જોવા મળે પણ સ્ત્રીઓનું શું? કઈ જાતની મૈત્રી એમની ઘડાય છે? એમનાં સપનાં અને મહત્વાકાંક્ષાઓ કેવાં છે? તેઓ એકમેકને કઈ રીતે ટેકો આપે છે?

આ સંદર્ભમાં 'ઑલ આઈ વોન્ટ ઈઝ એવરીથિંગ.' હૈદ્રાબાદ જેવા આધુનિક શહેરમાં વસતી ત્રણ યુવતીએની મૈત્રીની વાત કહે છે. નિધિ, વૈજયંતી અને તૃષા એક ફિલ્મ એપ્રિસિએશન કોર્સમાં મળે છે. ફિલ્મોનું કલા માધ્યમ તરીકે રસદર્શન કરાવતા અને રસદર્શનની રીત શીખવતા એક કોર્સમાં ત્રણે તાલીમ લે છે. અહીં તેમની દોસ્તી જામે છે.

દરેક પાસે એક વિશેષ વાત કહેવાની છે. ગાર્ભિત રહેલા ભય, ઈચ્છાઓ, આકાંક્ષાઓ અને ખાનગી રાખેલી વાતો અને તેમાંથી નિષ્પન્ન થતી ભાવનાઓ એમની જિંદગીની વાતોમાં આવે છે. શું એમનો વ્યક્તિગત અને સાથોસાથ રહેલો જીવનપ્રવાહ, એમને જે જોઈએ છે તે બધું જ પ્રાપ્ત કરવામાં સફળ નીવડશે? ફિલ્મકથા આ વિશેની છે.

આ યુવતીઓને બધુંજ જોઈએ છે, એક હૂંફાળી ઓરડી અને એક પ્રેમીમાં એમની વાત પતતી નથી.

**- સોનલ શુક્લ**

***(મુંબઈ સમાચારમાંથી ટુંકાવીને સાભાર)***


**।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।**

સાંધવ ગામવાસીઓ તથા નીયાણી બહેનોની ચૈત્ય પરિપાટીનું આયોજન કરેલ છે.

**તા.૧૧.૧૦.૧૩ થી ૧૩.૧૦.૧૩**

**રાજસ્થાન (મારવાડ) તીર્થ યાત્રા પ્રવાસ મુંબઇથી**

**તા.૧૦.૧૦.૧૩ના રાતના ટ્રેન દ્વારા પ્રયાણ**

ઈચ્છુકો રૂા.૧૫૦૦ ભરી વહેલો તે પહેલોના ધોરણે નામ લખાવવા વિનંતી. નોંધણીની છેલ્લી **તા.૮.૮.૧૩**

**—: સંપર્ક :-**

**ગોવિંદજી પટેલ - 9820540949**

**વીરચંદ ખોના - 9870989005**



Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

• રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઈડલ ચણીયા ચોળી, ડીઝાઈનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

**Mob. : 7666688881**

**ગુરૂવાર બંધ**

# જન્મ શતાબ્દીએ વડીલોને માનવંદના

**ભાગ્યશાળી જ્ઞાતિજનો જેમની આ વર્ષે જન્મ શતાબ્દિ કે ૧૦૧ કે ૧૨૫મો જન્મવર્ષ છે.**

આ જ્ઞાતિજનો ૨૨/૨૩ વર્ષના હતા ત્યારે જ્યાં વસતા હતા તે સ્થળ કૌંસમાં દર્શાવેલ છે.

(ગતાંકથી ચાલુ....) **ખાવડી નાની**

લખમશી નથુભાઇ હીરજી લોડાયા (રંગપુર) ૧૦૦
નેણબાઇ રૂપશી વેરશી લોડાયા (ચાલીસગામ) ૧૦૦
ઝપકુબાઇ કુંવરજી ધરમશી લોડાયા (મુંબઇ) ૧૦૧
પુરબાઇ કાનજી મુલજી લોડાયા (ખાવડી નાની) ૧૦૧
માંકબાઇ ધરમશી મુલજી લોડાયા (પાલઘર) ૧૦૦
ધરમશી ખેતશી દામજી લુઠીયા (હૈદ્રાબાદ) ૧૦૧
ચાંપબાઇ ટોકરશી પદમશી ધરમશી(ખાવડીનાની) ૧૦૦

## ખાવડી મોટી

મણીબાઇ રૂપશી લાલજી લોડાયા (ખરડી) ૧૦૧
શામજી કરમશી મેરઘ લોડાયા (મુંબઇ) ૧૦૦
મેઘજી પદમશી દામજી લોડાયા (ખાવડી મોટી) ૧૦૦
હંસરાજ શામજી માલશી લોડાયા (મુંબઇ) ૧૦૦
નરશી ખીમજી પદમશી ખોના (કરાંચી) ૧૦૦
રામજી માણેકજી પુંજાભાઇ નાગડા (મુંબઇ) ૧૦૦

## તેરા

પદમશી દેવજી રતનશી લોડાયા (મુંબઇ) ૧૦૦
ખેતબાઇ શામજી હંસરાજ લોડાયા (તેરા) ૧૦૧
હીરાચંદ વેલજી માણેકજી લોડાયા (ઘાટકોપર) ૧૦૦
માલશી પુનશી વીરધોર લોડાયા (મુંબઇ) ૧૦૧
પ્રેમાબાઇ કુંવરજી દામજી લોડાયા (કારંજા) ૧૦૦
દેકાંબાઇ પદમશી દામજી લોડાયા (મુલુન્ડ) ૧૦૧
નેણબાઇ મેઘજી પુનશી લોડાયા (તેરા) ૧૦૧
માણેકજી દેવજી ભાણજી લોડાયા (તેરા) ૧૦૦
શીવજી ખેતશી લધાભાઇ લોડાયા (મુંબઇ) ૧૦૦
ગંગાબાઇ ચત્રભુજ કુંવરજી મોતા (તેરા) ૧૦૦
વીરચંદ કુંવરજી નારાણજી મોતા (યવતમાલ) ૧૦૦
શીવજી ડુંગરશી નારાણજી મોતા (મુંબઇ) ૧૦૧
મુલજી નારાણજી કેશવજી મોતા (તેરા) ૧૦૦
લક્ષ્મીચંદ માણેકજી કચરાભાઇ મોતા (ડોંડાઇચા) ૧૦૧

## દલતુંગી

મુરબાઇ ઠાકરશી ધારશી લાપસીયા (હૈદ્રાબાદ) ૧૦૧
માંકબાઇ ભાણજી કચરાભાઇ લાપસીયા (દલતુંગી) ૧૦૦
વેજબાઇ દેવજી કચરાભાઇ લાપસીયા (મુંબઇ) ૧૦૦
વર્ધમાન જેઠાભાઇ મુરાણી ડાઘા (ચાલીસગામ) ૧૦૧
મેઘજી નાંયાભાઇ દેવશી ડાઘા (મુંબઇ) ૧૦૦
લાલજી પદમશી દેવશી ડાઘા (દલતુંગી) ૧૦૧
લક્ષ્મીબાઇ લાલજી પદમશી ડાઘા (દલતુંગી) ૧૦૦
લક્ષ્મીબાઇ કરમશી લધાભાઇ લોડાયા (દલતુંગી) ૧૦૦
લક્ષ્મીબાઇ પેથરાજ મુલજી શિઆડ (દલતુંગી) ૧૦૦
લક્ષ્મીબાઇ ખીમજી શામજી દંડ (દલતુંગી) ૧૦૦
કુંવરજી કાનજી જેઠાભાઇ વોરા (કાટોલ) ૧૦૧

## નલીયા

અભયચંદ મુલજી નથુભાઇ નાગડા (કુરૂડવાડી) ૧૦૧
રતનશી ખેતશી ભાણજી નાગડા (નલીયા) ૧૦૧
કેશવજી લખમશી રતનશી નાગડા (બડનગર) ૧૦૧
લક્ષ્મીચંદ દેવશી ભાણજી નાગડા (નલીયા) ૧૦૦
ભવાનજી શામજી ખીમજી નાગડા (સિહોર) ૧૦૦
સોનબાઇ હીરજી ભવાનજી નાગડા (નલીયા) ૧૦૦
લક્ષ્મીચંદ ગોંવિદજી પિતાંબર નાગડા (અનેગીરી) ૧૦૦
હીરબાઇ નારાણજી કાનજી નાગડા (હુબલી) ૧૦૧
ઉમરશી વેલજી વીરમ નાગડા (ગદગ) ૧૦૦
કસ્તુરીબાઇ વસનજી પાસુભાઇ નાગડા (મુંબઇ) ૧૦૦
આશબાઇ જીવરાજ લખમશી નાગડા (મુલુન્ડ) ૧૦૦
મેઘબાઇ લાલજી જેઠાભાઇ નાગડા (નલીયા) ૧૦૦
ભચીભાઇ ગોવિંદજી ભાણજી નાગડા (અલપઇ) ૧૦૦
લીલબાઇ ખેતશી મુલજી નાગડા (કલકત્તા) ૧૦૧
રતનબાઇ જેવત તેજપાલ નાગડા (નલીયા) ૧૦૧
લક્ષ્મીબાઇ વસનજી પિતાંબર નાગડા (મુંબઇ) ૧૦૦
કુંવરબાઇ ત્રિકમજી રતનશી નાગડા (મુંબઇ) ૧૨૫
હિરાચંદ ત્રિકમજી રતનશી નાગડા (મુંબઇ) ૧૦૧
હંસરાજ કચરાભાઇ લાલજી નાગડા (બડગરા) ૧૦૧
ડુંગરશી પાશ્વીર જેઠાભાઇ લોડાયા (નલીયા) ૧૦૦
રતનશી નરપાર ખીંયરાજ લોડાયા (કોચીન) ૧૦૧
હીરબાઇ ભવાનજી કાનજી લોડાયા (નલીયા) ૧૦૧
શીવજી વેલજી દેવજી લોડાયા (નલીયા) ૧૦૦
પદમશી કુંવરજી વેલજી લોડાયા (મુંબઇ) ૧૦૦
કંકુબાઇ ચાંપશી તેજપાલ લોડાયા (નલીયા) ૧૦૦
હંસરાજ જેઠાભાઇ લધાભાઇ લોડાયા (કોચીન) ૧૦૦
જેઠાભાઇ શામજી હીરજી ખોના (નલીયા) ૧૦૦
લીલબાઇ આણંદજી રતનશી ખોના (મુંબઇ) ૧૦૦
મીઠાબાઇ પદમશી દામજી ખોના (મુંબઇ) ૧૦૦
વસનજી ઠાકરશી લખમશી ખોના (નાંદેડ) ૧૦૦
માનબાઇ ગોંવિદજી વસનજી ખોના (ગદગ) ૧૦૧

## છાદુરા

લક્ષ્મીબાઇ દામજી રતનશી ધરમશી (નલીયા) ૧૦૦
લીલબાઇ રતનશી હરપાલ ધરમશી (ચોપડા) ૧૦૦
સોનબાઇ લાલજી લધાભાઇ ખોના (નાંદેડ) ૧૦૧

## જખૌ

પ્રેમાબાઇ વિશનજી કુંવરજી નાગડા (ગદગ) ૧૦૧
હીરબાઇ પુનશી કુંવરજી નાગડા (ગદગ) ૧૦૦
માણેકજી કુંવરજી પાંચારીયા નાગડા (જખૌ) ૧૦૦
રતીલાલ કચરાભાઇ ભીંઅશી નાગડા (ઘાટકોપર) ૧૦૧
મેઘજી જેઠાભાઇ ભીંઅશી નાગડા (મુંબઇ) ૧૦૧
ઉમરસી નરસી ગંગાધર નાગડા (મુંબઇ) ૧૦૦
માંકબાઇ આણંદજી મુલજી નાગડા (જખૌ) ૧૦૦
ધનબાઇ વસનજી દામજી નાગડા (ઘાટકોપર) ૧૦૧
બાંયાબાઇ દેવશી હરપાલ નાગડા (મુંબઇ) ૧૦૦
નેણબાઇ દામજી ચાંપસી નાગડા (જખૌ) ૧૦૧
ખેતબાઇ વસનજી લાલજી નાગડા (ખંડવા) ૧૦૧
લખમસી વસનજી લાલજી નાગડા(ભીખણગામ) ૧૦૧
ત્રિકમજી માણેકજી ધારસી મૈશેરી (મુંબઇ) ૧૦૦
હિરબાઇ ગોંવિદજી વેરશી મૈશેરી (ગદગ) ૧૦૦
ભચીબાઇ દેવજી લખમશી મૈશેરી (દાવણગીરી) ૧૦૦
મૂલજી રાયશી વીરજી મૈશેરી (મુંબઇ) ૧૦૦
જેઠીબાઇ ટોકરશી દેવશી ખોના (ગદગ) ૧૦૦
ખેતબાઇ દામજી દેવશી ખોના (ગદગ) ૧૦૦
હીરજી શામજી દેવજી ખોના (બાસોદા) ૧૦૧
દેવજી દામજી માવજી ખોના (મુંબઇ) ૧૦૦
જયવંતી માણેકજી વેલજી ખોના (મુંબઇ) ૧૦૦
ઝમકુબાઇ કાનજી વેરશી ખોના (કારંજા) ૧૦૦
શામજી ઉમરશી દામજી ખોના (મુંબઇ) ૧૦૧
ડુંગરશી માણેકજી વીરધોર ખોના (જખૌ) ૧૦૧
જેઠીબાઇ મેઘજી પરબત ખોના (સલુ) ૧૦૧
લક્ષ્મીબાઇ ચાંપસી મુલજી ખોના (મુંબઇ) ૧૦૦
લાલજી ઘેલાભાઇ માડણ શિઆડ (રાયપુર) ૧૦૦
લક્ષ્મીબાઇ તેજપાલ મુલજી શિઆડ (ધમતરી) ૧૦૧
પુનબાઇ પુનશી દેવશી શીઆડ (જખૌ) ૧૦૦
કુંવરજી દેવશી મુલજી શીઆડ (મુંબઇ) ૧૦૧
ગંગાબાઇ કલ્યાણજી માલશી શીઆડ (જખૌ) ૧૦૦
માણેકજી કુંવરજી કાનજી શિઆડ (ગદગ) ૧૦૧
કુંવરબાઇ રતનશી પ્રેમજી ધરમશી (અમલનેર) ૧૦૦
મીઠાબાઇ લખમશી પ્રેમજી ધરમશી (અમલનેર) ૧૦૦
ખેતશી માણેકજી હંસરાજ ધરમશી (જખૌ) ૧૦૦
ધનબાઇ વીરચંદ મેઘજી ધરમશી (સુથરી) ૧૦૦
હીરબાઇ ટોકરશી મેઘજી ધરમશી (ગદગ) ૧૦૦
મુલજી વેરશી દેવજી ધરમશી (મુંબઇ) ૧૦૧
જેઠાબાઇ નરશી કલ્યાણજી લોડાયા (મુંબઇ) ૧૦૧
કેશવજી જેઠાભાઇ ખેતશી લોડાયા (જખૌ) ૧૦૧
રાજબાઇ આણંદજી કાનજી મુનવર (સેલુ) ૧૦૧
હીરજી માલશી તેજપાલ મુનવર (જખૌ) ૧૦૦
રતનશી કલ્યાણજી સોદે મુનવર (જખૌ) ૧૦૦
હીરબાઇ રતનશી નરપાલ (હુબલી) ૧૦૦
દેકાંબાઇ નરશી શામજી મુનવર (વારાપધર) ૧૦૧
રતનબાઇ લક્ષ્મીચંદ માલશી મોમાયા (મુંબઇ) ૧૦૦
રતનબાઇ તેજપાલ કલ્યાણજી મોમોયા (ઉજ્જૈન) ૧૦૦
ઠાકરશી મુલજી હીરજી મોમાયા (જલગામ) ૧૦૧
નેણશી વસાયા ધારશી મોમાયા (જખૌ) ૧૦૦
ધનજી ઘેલાભાઇ વેરશી સોની (સેલુ) ૧૦૧
ડુંગરશી માણેકજી મોર હેફ્ર (મુંબઇ) ૧૦૦
માનબાઇ મણીલાલ જેઠાભાઇ મોતા (મુંબઇ) ૧૦૦
નેરશી હિરજી નરપાલ વિકમશી (મુંબઇ) ૧૦૧
ખેતબાઇ હિરજી હરપાર ધુલ્લા (મુંબઇ) ૧૦૧

## જશાપુર

રતનશી હેમરાજ ચાંપસી ધરમશી (જશાપુર) ૧૦૦
બાંયાબાઇ જીવરાજ સોજપાલ ધરમશી (મુંબઇ) ૧૦૦
માનબાઇ વેલજી હીરપાલ ધરમશી (જશાપુર) ૧૦૦
દીમુબાઇ મેઘજી ખીંયરાજ ધરમશી (જશાપુર) ૧૦૧
સોનબાઇ સોજપાલ શામજી ધરમશી (મુંબઇ) ૧૦૦
કુંવરજી લીલાધર ત્રીકમજી મોતા (જશાપુર) ૧૦૦

## ડુમરા

મણશી માણેકજી ખીંયશી પોલડીયા (મુંબઇ) ૧૦૧
વેજબાઇ નરશી દેવશી પોલડીયા (ઘાટકોપર) ૧૦૧
દામજી કુંવરજી ટોકરશી પોલડીયા (ગુલબર્ગા) ૧૦૧
જેઠીબાઇ રાજપાલ નેણસી મોમાયા (ગદગ) ૧૦૧

## ધ્રુફ્રી

માણેકજી કલ્યાણજી ગોવિંદજી મોતા (ધ્રુફ્રી) ૧૦૧

## ધ્રાફ્રા

જીવરાજ નરશી રામજી લોડાયા (મુંબઇ) ૧૦૧

**(બાકીના નામ આવતા અંકે...)**

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## ડોંબિવલીમાં હેલ્થ ચેક અપ કાર્યક્રમ

મુંબઇ મહાજન દ્વારા શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટના ઉપક્રમે ૧૧.૮.૧૩ના બ્લુ બર્ડ સ્કુલ, પાંડુરંગ વાડી દેરાસર પાછળ, ડોંબિવલી (ઇ)માં જ્ઞાતિજનો માટે રાહત દરે હેલ્થ ચેક અપ કાર્યક્રમ યોજાયો છે. લાભ લેવા ઇચ્છુકો રૂ.૩૦૦ ભરી મુંબઇ મહાજન કે ડોંબિવલી મંડળના કાર્યકરો પાસે નામ નોંધણી કરાવી શકે છે.

આ શિબિરમાં ઇસીજી, બ્લડગ્રુપ, સીબીસી, લીવર-કીડની ફંક્શન ટેસ્ટ, વીટામીન ડેફીસીયન્સી, થાયરોઇડ, હૃદય સંબંધી અને ડાયબીટીસની તપાસણી કરાશે.

## મુલુન્ડની સરનામા બુક

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુન્ડ દ્વારા પ્રકાશિત વર્ષ ૨૦૧૩ની સરનામાં બુક બહાર પાડવામાં આવી છે. જેમાં મંડળનો ઇતિહાસ, વર્ષવાર વ્ય. સમિતિ, મહિલા પાંખ, યુવાપાંખની, બારાખડી પ્રમાણે ગામવાર કુટુંબોની મુખ્ય વ્યક્તિની નામાવલી, પાના નં. સહ અનુક્રમણિકા, રોડ પ્રમાણે ઇન્ડેક્સ, અને કુટુંબના વસતીપત્રક કુંટુબ નં. નામ-સરનામું, ઘર-ઓફિસના ફોન, મોબાઇલ, ઇ-મેઇલ વગેરે અપાયા છે.

આ ઉપરાંત મુલુન્ડની સાર્વજનિક ઉપયોગી માહિતી પણ સંકલિત કરાઇ છે. આ સરનામા બુક જ્ઞાતિજનોને સુલભ સંપર્ક માટે ખુબ ઉપયોગી બની રહેશે.

આ પ્રકાશન માટે ઝીણવટભરી જહેમત લઇ જ્ઞાતિ માટે ઉપયોગી સંભારણું તૈયાર કરાયું છે. તે માટે મંડળની સમગ્ર કાર્યકર ટીમને હાર્દિક અભિનંદન.

## કે.ડી.ઓ. વેલ્ફેર એસોસીએશન

કે.ડી.ઓ. વેલ્ફેર એસોસીએશનની મેનેજીંગ કમીટીની મીટીંગ રવિવાર, ૧૮.૮.૨૦૧૩ના બપોરે ૨.૩૦ કલાકે તથા જનરલ બૉડીની વાર્ષિક સામાન્ય સભા તેજ દિવસે બપોરે ૩ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, વાલજી લધા રોડ, મુલુન્ડ (પ)માં મળશે.

એસોસીએશનની સામાજિક સુરક્ષા યોજનામાં જોડાવવા જ્ઞાતિજનોને અનુરોધ છે. યોજનાની માહિતી માટે સંપર્ક ફોન : ૮૯૭૬૦૧૭૮૩૦/૯૮૩૩૦૬૮૮૮૧ અથવા ૯૪૦૮૦૭૦૩૦૭.

## હુબલી નગરે ચાતુર્માસ પ્રવેશ

૧૯.૭.૧૩ના શ્રી ક.દ.ઓ. જૈન મહાજનના આંગણે પૂ.સા.શ્રી અરૂણોદયાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પૂ.સા. સમયગુણાશ્રીજી મ.સા. તથા પૂ.સા. શ્રુતગુણાશ્રીજી મ.સા.નો મંગલમય ચાતુર્માસ પ્રવશ થયેલ.

સવારના ૯ કલાકે સકલ સંઘ સાથે શોભાયાત્રા મેફેર ઓડોટોરિયમથી શરૂ થઇ સવારના ૯.૩૦ કલાકે શ્રી અજિતનાથ જિનાલયે પધારેલ. જિનાલયના પ્રાગણમાં સૌભાગ્યવતી બહેનોએ પૂજ્યશ્રીના ૨૨ વરસના દિક્ષા પર્યાય નિમિતે ૨૨ બેડાં તથા ૨૨ ગહુંલીઓ શણગારી પૂજ્યોનું ભવ્ય સ્વાગત કરેલ. ત્યારબાદ અજિતનાથ જિનાલયે સંઘ દ્વારા સામુહિક ચૈત્યવંદન કરવામાં આવેલ. મંદિરના પ્રાંગણમાં પૂજ્યશ્રીને સમુહવંદન કરી સ્વાગતમાં શ્રીમતિ ઇન્દુબેન વિરચંદ પટેલ તેમજ કુ. દિવ્યા શરદ મોમાયાએ સુંદર સ્વાગતગીત રજૂ કરેલ. પૂજ્યશ્રીએ માંગલિક પ્રવચન આપેલ.

પૂજ્યશ્રીનું ગુરૂપૂજન તથા સૂત્રગ્રંથ વહોરાવવાનો ચડાવો શા. વાલજી હીરજી મોમાયા પરિવારે લીધેલ. તેમજ કાંબળી વહોરાવવાનો ચડાવો સૌ. ભાનુમતીબેન કમરચંદ વિકમશી પરિવારે લીધેલ.

આ પ્રસંગે હુબલી મહાજનના આમંત્રણને માન આપી દગ, હૈદરાબાદ, બેલ્લારી, કોપલ, બેલગામ, ડોમ્બીવલી તેમજ નાલાસોપારાથી સારી સંખ્યામાં ભાવિકો પધારેલ. તેમજ પ્રવેશ નિમિત્તે સારી સંખ્યામાં શ્રાવક તથા શ્રાવિકાઓએ આયંબીલ તપ કરેલ. કાર્યક્રમ પુર્ણાહુતિ બાદ હુબલી મહાજન તરફથી સંઘ સ્વામિવાત્સલ્ય રાખવામાં આવેલ.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN®
TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


**અનંતનાથ જિનાલયે ૧૮૦મી ધ્વજાના વધામણાં**

જ્ઞાતિના જન-જનના આસ્થા-હૃદયસ્થાન પરમ તારક શ્રી અનંતનાથ દાદાના, જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથા સ્થાપિત ૨૪ જિનાલય તીર્થના ૧૮૦મા ધ્વજારોહણ દિને સમસ્ત જ્ઞાતિને હાર્દિક વધામણાં... જ્ઞાતિમૈયાની આન-બાન-શાન આમજ સદૈવ ઉર્ધ્વગામી ફરકતી રહે એજ અભ્યર્થના.....

\- તન-મન પરિવાર


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

## શ્રી વડાલા નગરે ચાતુર્માસ પ્રવેશ

ગચ્છાધિપતીશ્રીના આજ્ઞાવર્તિની પૂ.સા.શ્રી જયરેખાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૪નો ચાતુર્માસ મંગળ પ્રવેશ ૧૪.૭.૧૩ના સવારના ૮.૩૦ કલાકે માતુશ્રી બચીભાઇ કુંવરજી ધરમશી (સુથરી)ના ઘેરથી વાજતે-ગાજતે વરઘોડા રૂપે નીકળી ૯ વાગે શ્રી સંઘમાં પ્રવેશ થયો. એમના ઘેર પ્રભાવના રૂપે બુંદીના લાડુ અને રૂા.૧૦ સંઘપૂજન થયેલ.

ઉપાશ્રયમાં વ્યાખ્યાન દરમ્યાન સૂત્ર વહોરાવવાનો લાભ શ્રીમતી હેમલતાબેન ભવાનજી ગાલા (આસંબીયા) અને ચરિત્ર વહોરાવવાને લાભ શ્રી અમૃતલાલ સાકળચંદ શાહ (માંડવી)એ લીધેલ. માંગલીક બાદ રૂા.૭૦ની પ્રભાવના થયેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સુથરી

સુથરી તીર્થે આષાઢી પુનમના પૂ.સા.શ્રી ચંદ્રયશાશ્રીજી મ.સા. ને આધ્યાત્મ કલ્પદ્રુમ સુત્ર-૧૫૦૧ મણમાં અને ભાવધર્મ પ્રણિધાન ચરિત્ર ૧૦૦૮ મણમાં વહોરાવવાનો લાભ માતુશ્રી હીરાબાઇ હંસરાજ મોમાયા પરિવાર લાભ લીધેલ. આ પ્રસંગે વિવિધ દાતાઓના સહયોગે રૂા.૨૧નું સંઘપુજન થયેલ.

## કોઇમ્બતુરમાં ભવ્ય ચાતુર્માસ પ્રવેશ

શ્રી કોઇમ્બતુર ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનની છેલ્લા ત્રણ વર્ષની વિનંતી સફળ થઇ. સંઘમાં સહુના હૈયે ઉમંગ અને ઉત્સાહ વર્તાયો. ગુણ-ગુણોદય-કલાપ્રભ-મહોદય ગુરૂના આશિષે પ્રવચન પ્રભાવક મુનિશ્રી દેવરત્નસાગરજી આદિ ઠાણા-૬ સેલમ, ઇરોડ, તીરૂપુરમાં ધર્મજાગૃતિ લાવતાં તા.૩૦ જૂને શ્રી રાજસ્થાન શ્વે. મુર્તિપૂજક સંઘમા નગરપ્રવેશ ર્ક્યો. સંઘ દ્વારા વાજતે ગાજતે ભવ્ય સામૈયું થયું. ત્રણ શિબિરોનો લાભ લીધો. સંઘના અતિ આગ્રહથી મુ.શ્રી. દેવરક્ષિત- તત્વરક્ષિત સાગરજી આ.ઠા-૨ને ત્યાં ચાતુર્માસ રૂપે ઘોષણા કરી. પ્રવેશાદિ સુંદર થયા. મુનિશ્રીએ ૧૪ દિવસ સ્થિરતા કરી. પ્રવચનો દ્વારા ચૈતન્યશીલ માહોલ જમાવ્યો. ૧૪મી જુલાઇના સવારના મુનિવૃંદ સંઘપ્રમુખ શ્રી પ્રદિપ રતીલાલ લોડાયાના નિવાસસ્થાને પગલાં કરી શ્રી કે.ડી.ઓ. ભવન પધાર્યા. મુનિશ્રીના પ્રભાવે જિનાલય કામની સરકારી અડચણો બધી દૂર થતાં સહુના શ્રદ્ધાભાવ અનોખા હતા. પૂજ્યશ્રીઓને આવકારવા ૨ કી.મી. લાંબા સામૈયાનો પ્રારંભ થયો. ગહુંલીવાળી બહેનોનું વૃંદ, કળશવાળી કુમારીકાઓનું વૃંદ, બેન્ડ, પાઠશાળાના ૧૫૦થી અધિક બાળકોના હાથે જૈન બેનર્સ, આઠ મંગલિકોની ઝલક ગાડીઓ, સજાવેલી ડોલીમાં પૂ.મુનિવરને યુવાનો ઉંચકી ચાલતા હતા. રાજમાર્ગો શાભી ઉઠેલા. ઇતર જૈનો તામિલવાસીઓ ઉભા રહી આખી શોભાયાત્રા આનંદે નીરખતા હતા. કોચીન, તીરપુર, ચેન્નઇ, બેંગ્લોર, ઇરોડ, સેલમ, મૈસુર, મુંબઇ, પારોલા, ધુલિયા, ચોપડા, આકોલા, મલકાપુર, ભુસાવળ આદિથી પધારેલા ભાવિકોથી શોભા યાત્રાનું ગૌરવ વધેલ.

સવારે પોણા દશ પૂર્વે મુનિશ્રીએ જિનાલયે પ્રવેશ કરતાં ભાવિકો મન મૂકીને આનંદે નાચ્યા. પ્રભુનું સમુહ ચૈત્યવંદન કરી વિશાળ મંડપમાં સજાવેલ વ્યાસપીઠે આરૂઢ થતાં મંડપ આખો ભાવિકોથી ઉભરાઇ ગયેલ. સહુની આંખોમાં વિશેષ ચમક હતી. પૂ. ગુણસિન્ધુરૂરિને વંદનાદિ કરી પૂજ્યશ્રીએ સંગીતમય માંગલિકથી આખી સભાને મંત્રમુગ્ધ કરી. સંઘના મંત્રી હસમુખભાઇએ પ્રાથમિક ભૂમિકા રજૂ કરી. સંઘપ્રમુખે સહુને આવકાર્યા. ગુરુ પૂજનનો ચઢાવો, કાંબળીનો ચઢાવો થયો. જૈનોલોજી ભાગ ૧નં વિમોચન થયું. પાંચ હજાર પચાસ આયંબિલના પાસ વિતરણ થયા. મુ.શ્રી દેવરક્ષિતસાગરજીએ શોભાયાત્રા કાજે ખાસ માર્ગદર્શન આપેલ. એમણે સહુને મંગલ પ્રવચન સાંભળવાની પ્રેરણા કરી. મુનિશ્રી દેવરત્નસાગરજીએ યુવાઓને વ્યસનથી મુક્ત રહેજો સદ્ગુણોથી યુક્ત બનશો, ધર્મીકલ્યાણ મિત્રથી સુશોભિત બનજોની પ્રેરણા આપી. વૈષ્ણવ સમાજ, ગુજરાતી, રાજસ્થાની અને ઇતર સમાજે પણ કાર્યક્રમમાં શોભા વધારી.

સમગ્ર દક્ષિણ ભારતમાં અચલગચ્છની આન-બાન-શાનરૂપ ઐતિહાસિક ચાતુર્માસનાં વધામણાં આપતા પૂજ્યશ્રીનો ભવ્ય પ્રવેશ ઐતિહાસિક બની રહ્યો.

ચાતુર્માસ આરાધનાનો મુખ્ય લાભ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-કોઇમ્બતુર, આયંબિલમાં મુખ્ય લાભ કુ. હીરલ પ્રદિપભાઇ રતીલાલ લોડાયા-(સાંયરા).

ચાતુર્માસના શુભેચ્છક દાતા શ્રીમતિ લતાબેન કાંતિલાલ વોરા, શ્રી પાર્શ્વમણી કોટન મિલ્સ (બેલ્લારી)


**નલીયા માટે મેનેજર જોઇએ છે**

નલીયા મુકામે મેનેજર પોસ્ટ માટે અરજી આવકાર્ય છે. નામું-એકાઉન્ટ, પત્ર વ્યવહારના જાણકાર, સંસ્થાકીય કામના અનુભવીને પ્રથમ પસંદગી.

**સંપર્ક :** શ્રી મુલચંદ પદમશી મોતા-**09846214203**
શ્રી પિનાકિન જેઠાભાઇ છેડા-**09322108086**

**કચ્છમાં ગાડીઓ ભાડેથી મળશે**

આપ કચ્છ પધારો છો ત્યારે નાની-મોટી એ.સી. કે નોન એ.સી., સારી ગાડીઓ વ્યવસ્થિત ડ્રાઇવર સાથે મળશે. **-: સંપર્ક :–**

**નાનીયો-09879043119 • દિનેશ-08452000731**

શિબિરના દાતા - શ્રીમતિ કુસુમબેન હિંમતલાલ લોડાયા, શ્રીમતિ લીલાવંતીબેન નવિનચંદ્ર લોડાયા, શ્રી કીર્તિભાઇ નરશીભાઇ મોમાયા.

ગુરુપૂજન - શ્રીમતિ વિજયાબેન દિપક દામજી પોલડીયા (ભુસાવળ), શ્રીમતિ નીલમ દલેષ ઝવેરચંદ મોમાયા (ચાલીસગામ), કાંબળી - કુમાર દેવાંશ રાજીવ દિપક દેસાઇ, ધ્યાન શતક સૂત્ર વહોરાવવાનો શ્રીમતિ જયાબેન મોતીચંદ ચંદેરિયા અને શત્રુંજય કથા અને મુનિસુવૃત ચારિત્ર કથા ચરિત્ર, કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર (રંગપુર)એ લાભ લીધેલ.

આ પ્રસંગે જૈનોલોજી ભાગ-૧નું વિમોચન થયેલ. શ્રી કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, ગુણસિન્ધુ પરિવાર, રાજસ્થાન સંઘ-શંખેશ્વર સંઘે કરેલ પૂજ્યશ્રીની પ્રેરણાથી ૫૫ સિદ્ધિ તપ બન્ને ટાઇમના બ્યાસણાં એક જ પરિવારે લીધેલ છે. સમૂહ વર્ધમાન તપની ૧૦૦ ઓળી, ૫૦ દિન પુરષોના સામાયિક, ૫૦ દિન પુરુષો કાજે બ્યાસણાં. ૫૦ દિન બ્રહ્મચર્યની વ્રતની આરાધના શરૂ થઇ છે.

## કુ. નેહા મહેશ મોતા



ચિ. નેહા મહેશ મોતા (કુવાપધર-જલગામ) HSC માં 90.83% સાથે જીલ્લામાં પ્રથમ ક્રમાકે આવેલ છે. તેણે MHT-CET 13 માં ૨૦૦માંથી ૧૯૦ અને ગણીતમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણાંક મેળવેલ. રાજ્યસ્તરે CML માં ૨૭મા ક્રમાકે, છાત્રાઓમાં ૯મા ક્રમાંકે અને ઉત્તર મહારાષ્ટ્ર વિદ્યાપીઠમાં પ્રથમ આવેલ છે. JEE (MH) 13માં ગુણ મેળવી JEE એડવાન્સ માટે પાત્ર બની છે. કેન્દ્ર સરકારની Inspire Scheme હેઠળ ઉચ્ચ અભ્યાસ માટે પ્રતિ વર્ષ રૂા.૮૦,૦૦૦ની શિષ્યવૃતિ માટે પાંચ વર્ષ માટે પાત્ર બની છે. આ રીતે ખાનદેશ પ્રાંતની આ વિદ્યાર્થીનીએ શિક્ષણ ક્ષેત્રે ઝળહળતી સિધ્ધિ મેળવી પરિવાર, ગામ, મહાજન, એકમ અને જ્ઞાતિનું નામ રોશન કર્યું છે.

જલગામ કોલેજમાં પ્રાચાર્યે તેમનું પરિવારસહ સન્માન કરેલ. હાર્દિક અભિનંદન અને વધુ પ્રગતિની શુભેચ્છાઓ.

## 'અનંતછાયા'ના ચુકાદા અંગે રીવ્યુ અરજી

મુંબઇ હાઇકોર્ટના નામદાર ન્યાયમૂર્તિ શ્રી નીતિન જામદારે ગત ૪ જુલાઇ ૨૦૧૩ના 'અનંતછાયા' બાબતે ચેરિટી કમિશનરે આપેલ મંજુરીને માન્ય રાખતા ચુકાદાની પુર્નવિચારના કરવા અંગે શ્રી ચંદ્રસેન મોમાયાએ ૨.૮.૧૩ હાઇકોર્ટમાં રીવ્યુ અરજી દાખલ કરેલ છે. તેની સુનાવણી ટુંક સમયમાં થશે.

## કોઇમ્બતુરમાં પ્રથમ શિબિર સંપન્ન

કોઇમ્બતુર સંઘમાં પ્રવચન પ્રભાવક પૂ. મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા.આ.ઠા.ની નિશ્રામાં ૨૮.૭ના પુરંદર હોલમાં પ્રથમ શિબિર પ્રચંડ પ્રતિસાદ સાથે સફળ સંપન્ન થઇ. આ શિબિરનો લાભ કુસુમબેન હિંમતલાલ લોડાયા પરિવારે લીધો. ૧૫૦૦થી વધુ ભાવિકોએ લાભ લીધો. તિરપુરથી બે બસમાં ભાવિકો પધારેલ. કુન્નુર-ઉટીથી પણ લોકો જોડાયા.

સતત ત્રણ કલાક મુનિશ્રીએ ધારદાર શૈલીમાં પ્રેરક પ્રવચન દ્વારા સમજણ આપી. મનુષ્ય જન્મ શા માટે? પ્રેમ વહાવવા, પ્રસન્નતા, ટકાવવા, પવિત્રતા વધારવા, પુણ્યબંધ કરવા અને આત્મામાંથી પરમાત્મા બનવા કાજે માર્ગદર્શન કરેલ. શિબિરમાં સંસ્કરણ સમજ સાથે યુવાઓને ટીવી પર સૌદર્ય સ્પર્ધાઓ કે અન્ય અસંસ્કૃત પ્રસારણ ન જોવા, ગાળો ન બોલવી, બીજાને દુખ પહોંચે તેવું વર્તન ન કરવું એવી અપીલ કરી. શિબિર દાતાએ દરેકને રૂા.૧૦નું સંઘપૂજન કર્યું.

પૂ. મુનિશ્રી દેવરક્ષિતસાગરજીએ બાળકોએ સંસ્કરણ કર્યું ૪૫૦થી વધુ બાળકોએ ભાગ લીધેલ. સાંજે સંસ્કાર વાટિકાનો વાર્ષિકોત્સવ ઉજવાયો. સંઘમાં ૭૦ સિધ્ધિતપ ચાલે છે.

## શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ-મુંબઇ

વિદ્યાર્થીસંઘના ૬૦મા સ્થાપના દિને વાર્ષિકોત્સવમાં શ્રી ઉત્તમ છેડા સંચાલીત "એક બીજાને ગમતા રહીએ" કચ્છી, ગુજરાતી, હિંદી ગીતોની રમઝટનો કાર્યક્રમ ૧૮.૮.૧૩ના બપોરે ૧.૩૦ વાગ્યાથી ફાઇન આર્ટસ્ ઑડીટોરીયમ (ચેમ્બુર)માં યોજાયેલ છે.

આ કાર્યક્રમના અતિથિ વિશેષ શ્રી ભાવિન જયંત સોની (જુહુ-સુથરી) છે. કાર્યક્રમના પ્રવેશ પાસ અને વધુ


**લગ્ન સંબંધી**

મુંબઇ સ્થિત ઉ.વ.૩૧, હાઇટ ૫'-૪", 50 kg. નાનું કુટુંમ્બ, સારી નોકરી, ધરાવતા યુવક માટે કન્યાના વડીલો સંપર્ક કરે. (નિર્દોષ, નિઃસંતાન છુટાછેડાવાળી કન્યા આવકાર્ય.)

**Contact : 09699210242 / 0251 - 2420243**

**લગ્ન સંબંધી**

મુંબઇ સ્થિત ૧૯૭૬ જન્મ, F. Y. B.Com. હાઇટ ૫'-૫", કુંવારા પોતાના વ્યવસાયવાળા, નાનું કુટુંમ્બ, સંસ્કારી યુવક માટે કુંવારી-ડિવોર્સી (નિસંતાન) કન્યાના વડીલ કુંડળી અને ફોટા સાથે સંપર્ક કરે.

**મનિષભાઇ- 09833240493 (R) 25917924**

**manish.shah2012@yahoo.in**

વિગત માટે સંપર્ક : હેમિલ જયેશ દંડ-૯૮૧૯૯૮૫૩૩૯, ભાવિન અરૂણ નાગડા-૯૦૨૨૪૬૬૨૪૪, કુ. હેમાલી શરદ શિયાડી-૯૭૭૩૫૭૯૧૮૫. ગતાંકમાં અન્ય પ્રવેશ પાસ વિતરણ કેન્દ્રોમાં ડોંબિવલી (વે)માં શુભમ લાપસીયા-૮૮૯૮૪૫૧૪૫૬ નામ ઉમેરીને વાંચવું.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-બેંગલોર

મહાજનની વ્ય. સમિતિની સભા ૨૮.૭.૧૩ના સવારના ૧૧ કલાકે બહોળી સંખ્યામાં સભ્યોની હાજરીમાં માતુશ્રી જવેરબાઇ ધનજી ધરમશી કચ્છીભવનના હોલમાં શ્રી ખુશાલચંદ ધનજી ધરમશીનાં પ્રમુખપદે મળેલ.

વર્ષ ૨૦૧૨-૧૩ ના હિસાબોની રજુઆત ખચાનચી કૌશિક નવિનચંદ સોનાવાલાએ કરી. ચર્ચા શ્રી સતીશ દેવજી શાહ તથા શ્રીમતી હેમા ગુલાબ છેડાએ કર્યા બાદ તેને બહાલી આપવામાં આવી. પર્યુષણ પર્વની ઉજવણી કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં આવી. મહાજનશ્રીની વાર્ષિક સામાન્ય સભા ૧૮.૮.૧૩ના બોલાવવાનું નક્કી થયું.

આવતા ૩ વર્ષ માટે નવી સમિતિના સભ્યોની નિમણુંક બદલ ચર્ચા બાદ ઇચ્છુક બેંગલોરના જ્ઞાતિજનોને પોતાના નામો આગામી વાર્ષિક સભા પહેલા સેક્રેટરી શ્રી મીતેશ પી. લોડાયાને આપવાનું નક્કી થયું. આ વર્ષે 'કચ્છ શક્તિ' વ્યાપાર રત્ન એવોર્ડથી બેંગલોરના શ્રી રાહુલ ખુશાલચંદ ધરમશીને સન્માનવામાં આવેલ તે બદલ મહાજને અભિનંદન આપેલ. મીટિંગની સમાપ્તી બાદ મહાજનશ્રીની દક્ષિણ બેંગલોર વિસ્તારમાંની ૧૦૦૦ ચો. વારની ઉત્તરહલ્લી કેન્ચેરી-મૈસોર રસ્તાની નજીકની જગ્યાની મુલાકાત લેવાઇ. વિકાસ હોઇ આ જગ્યામાં જૈન દેરાસર તથા રહેણાંક માટે એપાર્ટમેન્ટો બનાવવાના નિર્ણયને ઝડપ આપવાની કાર્યવાહી શરૂ કરવા નક્કી કરવામાં આવ્યું.

## સાંયરામાં ચાતુર્માસ પ્રવેશ

સાંયરા મહાજનશ્રીની વિનંતિને માન આપી અચલગચ્છાધિપતી તપસ્વીરત્ન પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરજી સુરીશ્વરજી મ.સા.ની આજ્ઞાથી પૂ.સા. વિશ્વપ્રભાશ્રીના શિષ્યા કોમલગીરાશ્રીજી મ.સા. અને પૂ.સા. સિધ્ધિગીરાશ્રીને મ.સા. આદિ ઠાણા બેનું ચાતુર્માસ પ્રવેશના ૧૯.૭.૧૩ના સવારના ૧૦ કલાકે વાજતે ગાજતે થયેલ. પ્રવેશ પ્રસંગે મુંબઇ, દેશાવર અને કચ્છથી ૬૦ સાંયરાવાસીઓ પધારેલ. પ્રવેશમાં ૨૦૦ જણાંની સંખ્યા થઇ. પ્રવેશ વખતે પેંડાની પ્રભાવના સાંયરા મહાજન તરફથી થયેલ. વિવધ દાતાઓ તરફથી સંઘ દ્વારા રૂ.૫૦ની પ્રભાવના તથા રૂ.૧૦નું સંઘપૂજન માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા પરિવાર (રાપરગઢવારી) તરફથી થયેલ. સંઘપૂજન કરવા માટે રૂ.૯૯૯ નો ચઢાવો હંસાબેન પ્રેમચંદ મોમાયા પરિવારે લીધેલ. ગુરૂપૂજનનો લાભ રૂ.૩૫૦૧ માતુશ્રી વસુમતી લક્ષ્મીચંદ મોમાયા હસ્તે બીપીનભાઇએ, ધર્મબિંદુ સૂત્ર વહોરાવવાનો લાભ રૂ.૪૫૪૫માં શ્રી વિશનજી ઓભાયા મોમાયા પરિવાર (ધુલીયા), ચરિત્ર ઉદયભાણ-રવિભાણ વહોરાવવાનો લાભ રૂ.૪૦૦૧માં માતુશ્રી તેજબાઇ જેઠાભાઇ છેડા (નાના આસંબિયા) પરિવારે લીધેલ.

પાંચજ્ઞાન પૂજનમાં લાભ : મતિજ્ઞાન રૂ. ૧૧૦૧માં શ્રી નારાણજી શીવજી સોની (જલગામ), શ્રૃતજ્ઞાન રૂ.૧૦૦૧માં શ્રી હિરાચંદ ચત્રભુજ લોડાયા પરિવાર, અવધિજ્ઞાન રૂ. ૧૧૦૧ માતુશ્રી ચંદનબાઇ નારાણજી (જખૌ), મનપયવજ્ઞાન રૂ.૧૦૦૧માં માતુશ્રી સોનબાઇ મુલજી પટેલ પરિવાર, કેવલજ્ઞાન રૂ.૨૦૦૧માં માતુશ્રી ધનબાઇ શીવજી લોડાયા પરિવાર, ૧૮.૭.૧૩ના મહાકાળીમાતાજીની ભાવના, કુ. પલ્લવી તથા શા. વીરચંદ ચાંપશી શિયાળ (જખૌ) હસ્તે વિમલાબેન વીરચંદ શિયાળ (નાંદેડ) તરફથી થયેલ. જેમાં રતીલાલભાઇ, પ્રેમચંદભાઇ, કલ્પેશભાઇ, ખમાવંતીબાઇ કસ્તુરીબાઇએ સારી રમઝટ જમાવેલ.

પ્રવેશ પ્રસંગે સુથરી, રાપરગઢવાળી આરીખાણા, વાંકુ, લાલા, પરજાઉ, વારાપધર, જખૌ, નલીયા, કોઠારા, વરાડીયા, નરેડી, નાના આસંબિયા, બડગરા, તેરા, વગેરે સંઘો પધારેલ. ૧૯.૭.૧૩થી મહાજનના રસોડે ચાતુર્માસ સુધી ભાવિકોને સાધર્મિકભક્તિ ચાલુ રહેશે. ૧૯.૭.૧૩ના માતુશ્રી પુષ્પાબેન માવજી ગાલા (કાંડાગરા) તરફથી અડધો કિલો સાકરની પ્રભાવના થયેલ.

૪ થી ૯.૧૧.૧૩ દરમ્યાન બાળકોની શિબિર રહેશે. જે માટે નામ નોંધાવવા સંપર્ક શ્રી રતીલાલ દામજી ધ્રોળ ૦૯૮૨૦૮૬૫૮૦૬.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-બાંડીયા

બાંડીયામાં શ્રી વિમલનાથજી દેરાસરજીનાં કમ્પાઉન્ડમાં 33'X33' નું નવા ઉપાશ્રયનું બાંધકામ ચાલુ છે. નીચેના ભાગનું બાંધકામ પૂર્ણ થવાની તૈયારીમાં છે. જેનું ઉદ્‌ઘાટન પર્યુષણપર્વમાં કરવામાં આવશે.

આ ઉપાશ્રયનાં નીચેનાં ભાગનાં દાતા માતુશ્રી સ્વ. વેજબાઇ કુંવરજી હીરજી લાલકા પરિવાર હસ્તે હર્ષાબેન રાજેન્દ્ર લાલકા છે. ઉપરના હોલ માટે દાતાઓ આવકાર્ય. ઇચ્છુક દાતાઓ તકતી લગાડવાની શરતે શ્રી રાજેન્દ્ર લાલકા-૦૯૪૨૭૪૩૩૩૪૮ સંપર્ક કરવા વિનંતી છે.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ

મંડળ દ્વારા શ્રી મહાકાળી માતાજીની આગામી ભાવના ૧૮.૮.૧૩ના રાતે ૮.૩૦ વાગે શ્રી વાસુપુજ્ય જિનાલયે રહેશે. જેનો લાભ શ્રી જવેરચંદ વિરચંદ નાગડા (જખૌ) લીધેલ છે. આગામી ભાવના ૧૫.૯.૧૩ના છે. જેનો લાભ માતુશ્રી જેઠીબાઇ હીરજી ખોના (નલીયા) હા. પ્રતાપ શામજી દંડ (સુથરી) તરફથી છે.

## શ્રી શાંતિજિન ગ્રુપના કાર્યકરો માટે રાજસ્થાન પ્રવાસ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઇ દ્વારા ગ્રુપના ભાઇઓ-બહેનો માટે રાજસ્થાન (મારવાડ) તીર્થ યાત્રાનું આયોજન ૧૧.૧૦.૧૩થી ૧૩.૧૦.૧૩ દરમ્યાન કરેલ છે. ૧૦.૧૦.૧૩ના રાત્રે ટ્રેન દ્વાર પ્રસ્થાન થશે રૂા.૧૫૦૦ ભરી નામ નોંધણી ૮.૮.૧૩ સુધી કરી શકાશે

## ગુજરાતી મહિલા સેવા મંડળ-બેલ્લારી

આષાઢી બીજની ઉજવણી નિમિત્તે સૌ. વિમલાબેન શાહના ઘરે મિટિંગ મળેલ. સૌને કચ્છી ભરતની સાડી પહેરીને આવવાનું જણાવાયેલ. પ્રાર્થનાગીત ગાઇને મિટિંગની શરૂઆત થઇ. કેલા-ખાંડથી બધાનું મોઢું મીઠું કરાવી આષાઢીબીજ કચ્છી નવા વર્ષની વધાઇ આપવામાં આવી. વિમલાબેન પોતાના દોહિત્રને SSCમાં સારા માર્કસ બદલ બધાને ગોળીયા લાડુ ખવડાવ્યા.પાંચીકાની દેશી રમતમાં પ્રથમ સૌ. જ્યોતિ ભરત મુનવર તથા દ્વિતીય સૌ. હીના રાજેશ મુનવરને ઇનામ મળેલ. બીજી રમત કચ્છની દિનચર્યા વિશે ૨ મિનિટ ડાયલૉગ સાથે એક્ટ કરવાની હતી. જેમાં પ્રથમ સૌ. પ્રીતી ચેતન મુનવર, સૌ. ઉષા પ્રવીણ શાહને તથા દ્વિતીય સૌ. સરલા વિજય મૈશેરી તથા સૌ. પ્રજ્ઞા હીરાચંદ મૈશેરીને ઇનામ મળેલ. હાઉસી ગેમ રમાડવામાં આવી તથા વિમલાબેન તરફથી સૌને કચ્છી ભરત ભરેલ રૂમાલ ભેટ અપાયેલ. અંતે સૌ કચ્છી જમણ જમીને છૂટા પડ્યા. બેસ્ટ ડ્રેસનું ઇનામ સૌ. નીશા નીતિન ધરમશીને મળ્યું.

## શ્રી પદમમુક્તિ વાત્સલ્યનિધિ ટ્રસ્ટ ચાલીસગામ

પૂ. સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરીત અને પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ માર્ગદર્શનથી ટ્રસ્ટના કામો સરળતાપૂર્વક ચાલે છે. દર બુધવારના ગરીબોને ભોજન કરાવવા કાયમી તિથીના દાતાઓ :

ભાનુબેન મણીલાલ ધુલ્લા (મુલુન્ડ), ગંગાબાઇ નરશી દંડ (મલકાપુર), કુંવરબાઇ દામજી ભારમલ નાગડા (લોનાવલા), તારાબેન મેઘજી ભાણજી પોલડિયા (નાગપુર), શ્રીમતી ચંદનબેન મોતીચંદ ધરમશી (હુબલી), નમીતા જીનેશ પાલાણી હસ્તે ઇંદુબેન ઉત્તમચંદ મૈશેરી (મુંબઇ), આશિષ ઉત્તમચંદ મૈશેરી હસ્તે ઇંદુબેન ઉત્તમચંદ મૈશેરી (મુંબઇ), એક સદ્‌ગૃહસ્થ (મુલુન્ડ), માતુશ્રી સોનબાઇ ધારશી અને જયંતિલાલ ધારશી વિકમશી હસ્તે ઇંદિરાબેન વિકમશી, અમરચંદ હંસરાજ ડાઘા પરિવાર (ધુલીયા-ગોએરસમા), ચંદનબેન નરશી કેશવજી મૈશેરી (ચાલીસગામ), ઋતાંશુ કિંજલ ઝવેરી હસ્તે પાયલ ઝવેરી (મુંબઇ).

## નાગપુરથી ભાંડકજી દર મહિને યાત્રા

નાગપુરથી ભદ્રાવતી તિર્થની (૯૦)મી યાત્રા ગયેલ. દર મહિને વદ ૯ના રાતના યાત્રા જાય છે. વદ ૧૦ના સેવા-પુજા કરી સાંજના ચૌવિહાર કરી નાગપુર પરત આવે છે.

૫૦ સીટર બસથી વ્યક્તિ દીઠ રૂા.૫૦/- ડિપોઝીટ લઇ યાત્રાનો લાભ મળે છે. પરત વળતાં તે ડિપોઝીટ પાછી અપાય છે. આ યાત્રાનું આયોજન તપગચ્છયુવક મંડળ કરે છે. આઠ વર્ષથી આ પ્રવૃત્તિ ચાલુ છે.

શ્રી મેઘજી ભાણજી પોલડીયાને ૧૯.૭.૧૩ના ૮૫ વર્ષ પુરા થયા તે નિમિત્તે માતૃસેવા સંઘ પંચવટી, નાસિકના ૭૦ જણાંને મિષ્ઠાન-ફરસાન અપાયેલ.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## સાંયરા

૨૧.૭.૧૩ના ખમાવંતીબાઇ વાલજી ખોના તરફથી મહાકાળી માની ભાવના થઇ ૨૨.૭.૧૩ના પુનમના મા. ગંગાબાઇ લીલાધર મોમાયા તરફથી સ્વામીવાત્સલ્ય જમણ હતું. જેમાં મા. વાલબાઇ દામજી ધ્રોળ તરફથી રૂા.૧૦નું સંઘપૂજન થયેલ. પૂ. મહારાજ સાહેબના વ્યાખ્યાન ચાલુ છે. સારી ધર્મજાગૃતિ છે.

## પુના સંઘ દ્વારા કચ્છી નવા વર્ષની ઉજવણી

૨૭.૭.૧૩ના પુના સંઘની વાર્ષિક સર્વસાધારણ સભા અને કચ્છી નવ વર્ષની ઉજવણીનો કાર્યક્રમ થયો. સભામાં પ્રથમ ગત વર્ષ દરમ્યાન અવસાન પામેલ જ્ઞાતિજનોને શ્રધ્ધાંજલિ અપાઇ. ત્યારબાદ વાર્ષિક હિસાબો અને અહેવાલ રજુ કરાયા. જેને સભાએ મંજુરી આપી. સભાને અંતે ગત વર્ષ દરમ્યાન પુનાના જ્ઞાતિજનોને મળેલ એવોર્ડસ્ અને ઉપલબ્ધિઆનું ઉલ્લેખ કરી બીરદાવવામાં આવેલ.

સભા બાદ કચ્છી નવા વર્ષની ઉજવણીરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરાયું. સૌ પ્રથમ ગત વર્ષ દરમ્યાન પુના સંઘમાં જન્મેલ બાળકોનો પરિચય સ્લાઇડ શૉ દ્વારા કરાવી તેમને આવકાર આપવામાં આવેલ. ત્યારબાદ નાના બાળકો માટે ફેન્સી ડ્રેસનું આયોજન થયું. બાળકો દ્વારા ફીલ્મી ગીત-સંગીત પર આધારિત સોલો ડાન્સ રજુ કરાયાં, જેમાં ધૈર્ય દિપક લોડાયા અને તનિષ્કા જતિન ધરમશી, ક્લોઇ આશિત લોડાયા, ખુશી તુષાર લોડાયા, સલોની લીખેશ લોડાયા, કૃતી હિરેન મોમાયા અને દેવ રવિન્દ્ર મુનવરે રજુઆત કરેલ. જેને પ્રેક્ષકોએ તાળીઓની વધાવી લીધેલ. મૈત્રી અને તન્વી જયેશ નાગડા દ્વારા પ્રહસન રજુ થયેલ. ત્યારબાદ ‘શુભારંભ’ ફીલ્મી ગીત પર અનોખો ગ્રુપ ડાન્સ રજુ થયેલ. જેમાં સૌ. અમિષા મુનવર, સૌ. હર્ષા લોડાયા, સૌ. ભક્તિ દંડ, કુ. તેજલ દંડ, કુ. યામિની છેડા અને કુ. ઋતુ પટેલે ભાગ લીધેલ જેની કોરીયોગ્રાફી ધવલ યોગેશ દંડ દ્વારા કરવામાં આવેલ. સૌ. પ્રાચી ધરમશી દ્વારા હિન્દી ફીલ્મી ગીત રજુ થયેલ. સૌ. ભાવના અને ખુશાલ મૈશેરી દ્વારા લીખીત અને નિર્દેશિત સામાજીક નાટક ‘સગપણ-એક સળગતી સમસ્યા’ ભજવવામાં આવેલ. સગપણ જેવા મીઠા સંબંધે આજે સમસ્યાનું સ્વરૂપ શા માટે લઇ લીધુ છે આ વિષયની છણાવટ નાટ્ય સ્વરૂપે રજુ કરી, સમાજને અને ખાસ કરીને યુવા પેઢીને સંદેશો આપેલ. ચોટદાર સંવાદ, અસરકારક પ્રસંગોની રજુઆત અને જીવંત અભિનય દ્વારા આ નાટકે પ્રેક્ષકો પર સારી અસર કરી અને પ્રેક્ષકોએ તાળીઓથી દાદ આપી. આ નાટકમાં ૨૦થી વધુ કલાકારોએ ભાગ લીધેલ. જેમાં મુખ્ય કલાકારો ડૉ. આશિષ મૈશેરી, શ્રી પ્રશાંત અને મીના લાલકા, શ્રી પિયુષ અને મિનલ દંડ, શ્રી દુષ્યંત અને કલ્પના લાપશિયા ઉપરાંત ચિરાગ નાગડા, સંકેત લાલકા, ઉત્કર્ષ મૈશેરી, વિનલ લાલકા, ઋતુ પટેલ, મલ્લિકા લાલકા, પંક્તિ ખોના અને દર્શિતા શીયાડ હતાં.

સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન કુ. મલ્લિકા પ્રશાંત લાલકા અને શ્રી સાગર મનિષ લાલકાએ આગવી શૈલીથી કર્યું. કાર્યક્રમને સફળ બનાવવા માટે વ્યવસ્થાપક સમિતિના સભ્યો ઉપરાંત જતીન નાગડા, ધવલ દંડ, હેમલ લોડાયા, વૈભવ લોડાયા આદિએ સારી જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમ દરમ્યાન ચોવિહારની વ્યવસ્થા હતી. ચોવિહાર જમણ ના દાતા સૌ. કાંતાબેન અને શ્રીમાણેકજી દેવજી ધરમશી પરિવાર હતા. અંતમાં આભારવિધિ શ્રી જયેશ નાગડાએ કરેલ.


શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.


### જીવનચક્રની નોંધ મોકલવો

સર્વે જ્ઞાતિજનો, આપને ત્યાં કૌટુંબિક ફેરફારો જન્મ, સગપણ, લગ્ન, છુટાછેડા, મરણ ઇત્યાદી નોંધ પુરી વિગતસહ ‘પ્રકાશ-સમીક્ષા’ કાર્યાલય : મુંબઇ-૧ને મોકલવા વિનંતી છે.

દરેક જ્ઞાતિ મહાજને/સંસ્થાએ જ્ઞાતિ પ્રવૃતિના આયોજન-અહેવાલ વિગતવાર મોકલવા વિનંતી છે.

### સુધારો

પ્ર.સ. અંક નં.૨૯માં પાના નં.૧૦ પર છપાયેલ જાહેરાતમાં રોહનીશ હર્ષવદન મોમાયા (વરાડીયા-મુલુન્ડ) સપ્લાયર ચેન મેનેજમેન્ટમાં MBA છે.


શુભેચ્છાસહ.....
શીતલ કોટન ટ્રેડર્સ
શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઇમ્બતુર)



શુભેચ્છાસહ.....
*Laxmichand Dharshi Mota*
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **જયેશ દામજી મૈશેરી** | જૈન દેરાસર, છસરા, તા. મુન્દ્રા (કચ્છ) ૩૭૦૪૧૦ ફોન : 9723167686 |
| **દર્શક કે. મૈશેરી** | ૨૦૩ પ્રતિક, સેક્ટર -૪૪, પ્લોટ-૪૪, પેટ્રોલ પંપ પાસે, સીવુડ, નેરૂલ, નવી મુંબઈ-૪૦૦૭૦૬ |
| **ધારેશ જી. ધરમશી** | વી-૪/૪, મહેન્દ્ર નગર કોલોની, સ્કૂલ સામે, હાજી બાપુ રોડ, મલાડ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૯૭ |
| **દિપેન રમેશ લોડાયા** | ડી-૬, ચંદ્રેશવીલા, રો હાઉસ, કલ્યાણ શીલ રોડ, સાઈબાબા મંદિર સામે, ડોંબિવલી (ઇ), ૪૨૧૨૦૪ |
| **લીલાવતીબેન એલ. છેડા** | બી-૩૦૧, ભાગ્યશ્રી એપા. ડૉ. આંબેડકર રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૪૦૦ ૦૮૦ |
| **હિરેન ખીમજી મૈશેરી** | ૫૦૧, ગૌતમ દર્શન, મખમલી તલાવ પાસે, ચરઈ, થાણા - ૪૦૦૬૦૧ |
| **વિજય પદમશી છેડા** | ૪૦૩, મેરીગોલ્ડ, બિલ્ડીંગ-૧૦, રીજેન્સી એસ્ટેટ, કલ્યાણ-શીલ રોડ, ડોંબિવલી (ઇ) ફોન : 9830006792 |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | | |
|---|---|---|
| **કલ્પના જયેશ મૈશેરી** | છસરા | **09429449969** |
| **ભદ્રીક પુનશી મૈશેરી** | ગાંધીધામ | **09825225037** |
| **શિલ્પા ભદ્રીક મૈશેરી** | ગાંધીધામ | **09925949837** |
| **જીગર ભદ્રીક મૈશેરી** | ગાંધીધામ | **09825429637** |
| **વિરાલી જીગર મૈશેરી** | ગાંધીધામ | **09586273737** |
| **દિપેન રમેશ લોડાયા** | ડોંબિવલી | **09146510054** |
| **પુનમ દિપેન લોડાયા** | ડોંબિવલી | **09664894120** |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૨.૫.૧૩ | કોપરખૈરણે | RADH021504 | જીયા-વૃતિ/જીગ્નેશ અશોક ધરમશી | રંગપુર | કન્યા |
| ૭.૭.૧૩ | મુલુન્ડ | DADA020904 | કેવીન-ભાવિકા/વિરલ હરીશ માલદે (ડાઘા) | દલતુંગી | પુત્ર |
| ૧૦.૭.૧૩ | મુલુન્ડ | SUDH061403 | હાર્દિક-માધવી/કલ્પન પ્રતાપ ધરમશી | સુથરી | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯.૭.૧૩ | હૈદરાબાદ | SDDD090104 | મહેક લલીત રતનશી દંડ | સાંધવ | ૨૧ |
| | ડોંબિવલી | TRDH080603 | ચાર્મી દિનેશ ખેતશી ધરમશી | તેરા | ૨૧ |
| ૧૦.૭.૧૩ | જલગામ | DRMT020101 | અલ્પેશ ચંદ્રકાંત માણેકજી મોતા | ધ્રુફી | ૨૩ |
| | ડોંબિવલી | DALO060304 | આરતી અશ્વિન ભાણજી લોડાયા | દલતુંગી | ૨૩ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૨.૬.૧૩ | ભૂજ | MDMA011604 | જીગર ભદ્રીક પુનશી મૈશેરી | માંડવી | ૨૬ |
| | કલીકટ | VRMO131104 | વિરાલી ભરત મુલજી મોમાયા | વરાડીયા | ૨૨ |

### છુટાછેડા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪.૪.૧૩ | મુલુન્ડ | VRMO | કૈલાશ હીરાચંદ પિતાંબર ડાઘા | વરાડીયા | ૩૪ |
| | મુલુન્ડ | LLDH | હર્ષદા ઝવેરચંદ લખમશી ધરમશી | લાલા | ૩૧ |

### પરસ્પર સમંતિથી છુટાછેડા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧.૭.૧૩ | વાપી | RBLO020604 | રોહન ગિરીશ પ્રતાપસિંહ લોડાયા | રવા | ૨૭ |
| | તેરા | TRDH | હાર્દિકા કીર્તિભાઈ ખેતશી ધરમશી | તેરા | ૨૫ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭.૭.૧૩ | મુલુન્ડ | KBLA020201 | અનિલ રાયચંદ ધારશી લાલકા | મોટી ખાવડી | ૪૯ |



# હાલાર પ્રાંતે... મોટીખાવડી તીર્થે...
# શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલયે... શ્રાવણ સુદ-૫ ને સોમવાર તા.૧૨.૮.૧૩ના ૧૦૯મી વર્ષગાંઠ નિમિતે

# ભવ્ય ધ્વજારોહણના હાર્દિક વધામણાં....



**પાવન નિશ્રા**

શાસન પ્રભાવિકા-સ્વાધ્યાયપ્રેમી પૂ.સા. શ્રી મહોદયશ્રીજી મ.સા. અને
પૂ.સા. શ્રી યશોદયશ્રીજી મ.સા. આ.ઠા.

## ધ્વજાનો મહિમા

જિનાલયના શિખરે ધર્મની ધ્વજા... જિનશાસનની પ્રેરક યશોગાથા...
મંત્રીશ્વર ઝાંઝણશાનું યશગાન એટલે જ શ્રી શત્રુંજય અને ગિરનાર મહાતીર્થ બન્નેની એક સળંગ

## ધ્વજાનું મહા દાન....

શ્રી મંત્રીશ્વર ઝાંઝણશા શ્રી શત્રુંજય મહાતીર્થના ગિરિરાજ ઉપર ચઢ્યા અને ત્યાં બિરાજેલાં પ્રભુજીને ઉત્સાહપૂર્વક નમ્યાં. ત્યારબાદ પહેલેથી કરાવી રાખેલી સુવર્ણની ધ્વજા શ્રી આદિનાથ ભગવાનના મસ્તકથી આરંભીને દંડ સુધી બંધાવી. ધ્વજા જોઇએ તે કરતાં વધી પડી, એટલે તેની વધામણી બાંધનારે મંત્રીશ્વરને આપી. કેમકે 'બધા કાર્યમાં વસ્તુની વૃદ્ધિને સત્પુરુષો વખાણે છે.' તે વધામણી સાંભળી આનંદિત થયેલાં મંત્રીશ્વરે સોની લોકોની પાસે એક મૂડા હાથની પહોળી અને શ્રી ગિરનાર તીર્થ સુધી લાંબી સુવર્ણની પાટની ધ્વજા ઘડાવવા માંડી. તેમાં તે ધ્વજાના નીચેના ભાગમાં ચાંદીના પાટની, ઉપરના ભાગમાં સુવર્ણના પાટની અને વચ્ચે યજમાનના રેશ્મી વસ્ત્રની પાટની એમ ત્રણ ભાતની ધ્વજા કરાવવા માંડી.

બાવન દેવસુલિકાની મેખલા ઉપર, શ્રી નેમનાથના ચૈત્ય ઉપર અને અનુપમ નામના સરોવરની મધ્યે રહેલા ચૈત્ય ઉપર તે ધ્વજા બાંધીને, ત્યાંથી આગળ ચાલ્યાં, પછી ત્યાંથી આગળ ચાલતા પંચરંગી વસ્ત્રથી વીટેલ વૃક્ષ પર તે ધ્વજાને બાંધતા પર્વતને માર્ગે ચાલ્યા (ત્યારથી તે માર્ગ ધોરીમાર્ગ થયો છે.) હંમેશા સોની લોકો જેટલી ધ્વજા કરતા હતા, તેટલી પૃથ્વી જ સંઘ પણ જતો હતો.

શ્રી ગિરનાર મહાતીર્થના ગિરિરાજને પામી તે ઉપર ચઢ્યાં શ્રી નેમિનાથના મસ્તક પર તે ધ્વજા ચઢાવી. તેના ચૈત્યના શિખર સુધી ધ્વજાને લઇ ગયા. માર્ગમાં એકેક યોજનને છેટે તેણે ત્રણ દિવસ સુધી પહેરેગીર મૂક્યાં હતા. આ સળંગ ધ્વજા ચોપન ઘડી સુવર્ણની બની હતી.

તે વખતે કવિએ વર્ણન કર્યું કે... 'ખરેખર ! આ મંત્રીશ્વર માલવ દેશનો સ્વામી છે. (બીજા અર્થ 'માં' એટલે 'લક્ષ્મી' તેનો 'લવ' એટલે 'લેશ', એટલે અલ્પ લક્ષ્મીનો સ્વામી છે.) એમ મને લાગે છે. કેમકે પ્રાપ્તિ (શક્તિ) વિનાના એવા તેણે (મંત્રીશ્વરે) બે તીર્થમાં એક જ સળંગ ધ્વજા ચડાવી. (એ શક્તિવાળો હોય તો જુદી જુદી ધ્વજા ચડાવવી જોઇએ), પરંતુ વાસ્તવિકપણે બન્ને તીર્થ સુધી લાંબી એક ધ્વજા ચડાવી, તેથી તે માલવ દેશનો સ્વામી સાચો છે, એમ મને ભાસે છે.'

તેવી લાંબી ધ્વજા ફરકતી હોવાથી કવિએ ઉત્પ્રેક્ષા કરી કે... 'આકાશગંગામાં નિરંતર ક્રીડાપૂર્વક સ્નાન કરવા માટે મળેલી વિદ્યાધરની સ્ત્રીઓના શરીર પર લગાડેલાં સુવર્ણ મિશ્રિત મનોહર ચંદનના રજના સંગથી તેનું પાણી પીળું થયેલું છે તેમ શ્રી પૃથ્વીધરના પુત્ર ઝાંઝણશા મંત્રીશ્વર રુપી સૂર્યના તીવ્ર પ્રતાપરુપી તડકાથી ઘણી સુકાઇ ગયેલી હોવાથી માત્ર એક મૂડા હાથ જેટલા જ વિસ્તારવાળો (પહોળો) જેનો પ્રવાહ થયો હોય, એવી આ ધ્વજા આકાશગંગા જેવી દેખાય છે.' આવી રીતના શુભ પ્રયાણથી સંઘ સહિત તે ઝાંઝણશા મંત્રીશ્વરે પૃથ્વી પર પરમ પવિત્ર એવા શ્રી શત્રુંજય મહાતીર્થ અને શ્રી ગિરનાર મહાતીર્થ પર સળંગ એક ધ્વજાનું મહા દાન કર્યું.

(સંદર્ભ ગ્રંથ : 'સુકૃત સાગર')

**શુભેચ્છક**

**શા. માલશી દેવરાજ લોડાયા પરિવાર (મોટી ખાવડી)**
**હ. મહેન્દ્ર માલશી લોડાયા**

**આ ભવ્ય ઇતિહાસની ઉદાર યશોગાથાનું આપણે એકાદ અંશ પણ પામીએ એવી અભ્યર્થના....**

## હાર્દિક અભિનંદન

### લાલકા તથા લોડાયા પરિવારનું ગૌરવ



**ચિ. માહી રાજેન્દ્ર લાલકા**
(બાંડીયા-નેત્રા)

ચિ. માહી **New Law College (Mumbai)** માંથી **LL.B.** ની પરીક્ષામાં ઉર્તીણ થઇ બંને પરિવારનું ગૌરવ વધારેલ છે.

**શુભાશિષ**

માતા-પિતા : હર્ષાબેન રાજેન્દ્ર લાલકા (બાંડીયા-નેત્રા)
નાની-નાના : સ્નેહલતાબેન મણીલાલ લોડાયા (સોલાપુર)
બહેન-બનેવી : બીંદીયા ગુંજનકુમાર લોડાયા (મુલુન્ડ)
ભાવિકા કેવલકુમાર ધરમશી (ડોંબિવલી)
બહેન-ભાઇ : પ્રિયંકા, મીતકુમાર, ખુશી, જીયા

## હાર્દિક અભિનંદન



**ચિ. સન્ની દિનેશ લોડાયા**
(આરીખાણા-ચેમ્બુર)

ચિ. સન્ની દિનેશ લોડાયા C.A. Final માં All India 43rd Rank થી ઉત્તીર્ણ થયેલ છે. તથા T.Y.B. Com. માં 90.15% સાથે પાસ થયેલ છે. આ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન. ભવિષ્યમાં પણ તેઓની ઉતરોત્તર પ્રગતિ થતી રહે એવી શુભેચ્છાઓ...

**શુભાશિષ**

દાદીમાં : હીરબાઇ જેઠાભાઇ લોડાયા
નાનીમાં : સરલાબાઇ સોમચંદ મૈશેરી
માતા-પિતા : સૌ. હીના દિનેશ લોડાયા

શા. માણેકજી શામજી લોડાયા સમસ્ત પરિવાર
(આરીખાણા)


"ભાઈ બહેન ના પવિત્રપ્રેમને અતૂટ રાખવા રીધ્ધી આર્ટ લઈ આવ્યા છે"

Riddhi
Fashion Jewellery

રક્ષા Bandhan
Special Offer

સેલ 50%

૧ગ્રામ પોલીસ રોડીઅમ બંગડી
૩૦૦ થી ૫૦૦

અમેરિકન ડાયમંડ વીટી
~~૨૦૦~~ ૧૦૦૦
~~૩૦૦~~ ૧૫૦
~~૫૦૦~~ ૨૫૦
~~૬૦૦~~ ૩૦૦

અમેરિકન ડાયમંડપેન્ડન્ટ સેટ
~~૧૦૦૦~~ ૫૦૦
~~૩૦૦૦~~ ૧૫૦૦
~~૫૦૦૦~~ ૨૫૦૦

અમેરિકન ડાયમંડનેકલેસ
~~૩૦૦૦~~ ૧૫૦૦
~~૫૦૦૦~~ ૨૫૦૦
~~૭૦૦૦~~ ૩૫૦૦

અમેરિકન ડાયમંડ મંગલસૂત્ર
~~૮૦૦~~ ૪૦૦
~~૧૦૦૦~~ ૫૦૦
~~૧૨૦૦~~ ૬૦૦
~~૧૫૦૦~~ ૭૫૦

અમેરિકન ડાયમંડ બ્રેસલેટ
~~૧૦૦૦~~ ૫૦૦
~~૧૫૦૦~~ ૭૫૦
~~૨૦૦૦~~ ૧૦૦૦
~~૩૦૦૦~~ ૧૫૦૦

૨૦૦થી વધારે ડીઝાઈન્સ

6/6, Shri Krishna Nivas, Sant Gadge Maharaj Lane, Opp. Bharatkshetra,
Dadasaheb Phalke Road, Dadar (E), Mum.- 400014
Tel No - 022 24155353, +919225325075
Email - miteshgosar3@gmail.com

રીધ્ધી આર્ટ

9MAD Visuals

# હૃદયના દ્વારેથી ભાવભરી સ્મરણાંજલી





**સ્વ. મણીલાલ પદમશી દંડ**
સ્વર્ગવાસ તા : ૧૦-૨-૧૯૮૧

**સ્વ. નવલબેન મણીલાલ દંડ**
સ્વર્ગવાસ તા : ૫-૮-૨૦૦૫

ગામ સેવક ભરૂડીયા - હાલ-મુલુંડ



**સ્વ. મધુબેન રતીલાલ અનમ**
સ્વર્ગવાસ તા : ૧૪-૪-૨૦૦૧

આપનું સાદગી ભર્યું જીવન,સ્નેહાળ સ્વભાવ, ધર્મપરાયણતા, અમારૂં જીવન ઘડતર કરવાની અનોખી કુનેહ ઘર-કુટુંબને સુખી બનાવવા માટે પ્રચંડ પુરૂષાર્થ થકી આપે પરિવારમાં અને સ્નેહી સ્વજનોના હૃદયમાં મુઠી ઉંચેરૂં સ્થાન મેળવ્યુ છે. આપે જે સમજદારી અને સંસ્કાર મુડીનો વારસો અમને આપ્યો છે. તે અમૂલ્ય છે. આપને યાદ કરીને અમે આપની સાત્વિક વિચારધારા અને ઉચ્ચ આદર્શોને અમારા જીવનમાં આત્મસાથ કરીને આપના ચિંધ્યા માર્ગે ચાલવાનો પ્રયત્ન કરીએ છીએ. કોઈપણ કાર્ય સિધ્ધિ માટે અમે પરિશ્રમ કરતા રહીને ઉંચામાં ઉંચા ધ્યેય સિધ્ધ કરવાની દિશામાં આગળ વધીએ તે માટે ગગનની ગોખમાંથી અમને આપના આશિર્વાદ સતત પ્રાપ્ત થતા રહે તે અભિલાષા.

આપના દિવ્ય આત્માને પરમશાંતિ પ્રાપ્ત થાય એજ પ્રભુના ચરણોમાં નતમસ્તકે પ્રાર્થના.

## આપના આશિર્વાદના શુભાકાંક્ષી

અ.સૌ. હેમલતા તથા મહેન્દ્ર મણીલાલ દંડ
અ.સૌ. સંગીતા તથા રાજેશ મણીલાલ દંડ
અ.સૌ. છાયા તથા પીયુષ મહેન્દ્ર દંડ
અ.સૌ. પ્રિયંકા તથા નીખિલ વનરાજ ધુલ્લા
અ.સૌ. પ્રિયા તથા વિરલ રાજેશ દંડ
શ્રી રતિલાલ વાઘજી અનમ
અ.સૌ. ઉર્મીલા તથા અશોક મણીલાલ દંડ
અ.સૌ. સંગીતા તથા કિશોર લાપસિયા
અ.સૌ. નિશા તથા ધર્મેશ શાંતિલાલ લાપસિયા
અ.સૌ. ખુશ્બુ તથા ચિરાગ વનરાજ ધુલ્લા
અ.સૌ. તન્વી તથા નિરજ કિશોર લાપસિયા
અ.સૌ. મનીષા તથા અલ્પેશ મહેન્દ્ર કોઠારી

ચિ. ધવલ, હિમાંશી, નિયતિ, પ્રથમેશ, તરેન, દમીત ના જય જિનેન્દ્ર

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# 'કચ્છ શક્તિ એવોર્ડ' થી સન્માનિત થવા બદલ રાહુલ ખુશાલચંદ શાહને અંતરમનના અભિનંદન...



અમારા પરિવારના સુપુત્ર શ્રી રાહુલ ખુશાલચંદ શાહ બહુપ્રતિષ્ઠિત 'કચ્છ શક્તિ એવોર્ડ'થી સમ્માનિત થયા છે, તે અમારા સમગ્ર પરિવાર માટે અત્યંત હર્ષ અને ગૌરવની વાત છે. રાહુલની કાર્યનિષ્ઠા અને લગનનું આ ફળ છે. ઉચ્ચ નીતિમતા, વ્યવહારકુશળતા અને પ્રામાણિકતા જેવા સદ્‌ગુણો થકી રાહુલે પારિવારીક વ્યવસાયને નવી ઊંચાઈએ મૂક્યો છે.

'કચ્છ શકિત એવોર્ડ' પ્રાપ્ત કરવા બદલ આપને હાર્દિક અભિનંદન. આપના આ સમ્માને બેંગલોર અને દક્ષિણ ભારતમાં વસતી ગુજરાતી પ્રજાને ગૌરવ અપાવ્યું છે. આપે સખત પરિશ્રમ અને પ્રબળ આત્મવિશ્વાસ થકી આ બહુમૂલ્ય સમ્માન પ્રાપ્ત કર્યુ છે. અનેરી વ્યવસાયિક સફળતા હાંસલ કરી આપે પરિવારનું નામ દીપાવ્યું છે. 'કચ્છ શકિત એવોર્ડ'થી સમ્માનિત થવા બદલ આપને હાર્દિક અભિનંદન. આપ ઉત્તરોત્તર સિધ્ધિ અને પ્રગતિના સોપાનો સર કરતા રહો તેવી આ ખુશીની ક્ષણોએ ભાવભરી શુભેચ્છાઓ...

ઉલ્લેખનીય છે કે, આ એવોર્ડ પૂર્વ વિધાયક શ્રી અરૂણભાઈ ગુજરાતી તથા 'કચ્છ શક્તિ'ના તંત્રી શ્રી હેમરાજભાઈ શાહના હસ્તે રાહુલ ખુશાલ ધરમશીને એનાયત કરવામાં આવ્યો હતો. 'કચ્છ શક્તિ' સર્ટિફિકેટ મહારાષ્ટ્રના માનનીય ગૃહ મંત્રી શ્રી આર.આર. પાટિલ દ્વારા ઈસ્યુ કરવામાં આવ્યું હતું. આ અવસરે ઉપસ્થિત રહેલા શ્રી ડીઆરએલ લોજિસ્ટિક્સ પ્રા.લિ.ના ડાયરેક્ટર શ્રી મેહુલ ખુશાલચંદ ધરમશી તસવીરમાં દ્રશ્યમાન થાય છે.

વ્યાવસાયિક ક્ષેત્રે રાહુલની પ્રગતિની સુવાસ ચોમેર પ્રસરતી રહે અને તે ઉચ્ચત્તમ સિધ્ધિઓ હાંસલ કરતા રહે તેવી શુભેચ્છા સહ હાર્દિક અભિનંદન...

લિ.

**ખુશાલચંદ ધનજી ધરમશી પરિવાર અને**

**Staff Members of Khushal Shah Group of Companies**

The Fun is always on at

**DHARAMSHI RESORTS PVT. LTD.**

**DHARAMSHI HOLDINGS AND DEVELOPERS PVT. LTD.**

**DRL LOGISTICS PVT. LTD.**
(Logistics and Supply Chain Management)

**R. K. LOGISTICS**

**R. K. DEVELOPERS**

Khushalchand D. Shah
Mobile
09844002300,
09449053053

H. O. : No.33, Komal Mansion
M.T.B. Road, Near Minerva Circle, Bangalore - 560 002
Tel : (080) 22238181/82/83, Fax : (080) 22122300, 42060613
Email : drllogistics@ymail.com, www.drllogistics.com
RAHUL KHUSHALCHAND DHARAMSHI
*Managing Director*
Mob : 09844009008

R. O. : No. 77/80, 'Pranav Chambers', Unit No. 2, Ground Floor, Sector-19/C,Vashi, Navi Mumbai - 400 705
Ph : 022-2783, 8266-8255, Fax : (022) 2783-9008
Email : mumbai@drllogistics.com, www.drllogistics.com
MEHUL KHUSHALCHAND DHARAMSHI
*Director*
Mob : 09320409008

Web : drllogistics.com • Email : Bangalore@drllogistics.com

**Trust Us To Move Logically – Full Load Accepted All Over India- 50 Years in Transport**

**DRL is pioneer in Transport Industry. Despatch your goods through DRL Logistics Pvt. Ltd.**

**Daily Service To & From :**

KARNATAKA ◇ ANDHRA PRADESH ◇ TAMIL NADU ◇ PONDICHERRY ◇ MAHARASHTRA ◇ GUJARAT ◇ RAJASTHAN

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**